
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી સિંહપુરી તીર્થ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૧૨ મો

અશાડ
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


૧ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૮૧
૨ ભગવાન મહાવીરના પૂર્વભવના વેરીઓ ... ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૧૮૨
૩ શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો-સાર્થ ... ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) ૧૮૪
૪ લોકપ્રિય થવાની કળા ... ... ... ... ( શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ ) ૧૮૫
૫ આત્મપ્રકાશ : પ્રજ્ઞાપ્રસાદી ... ... ... ( પ્રો. જયંતીલાલ ભાઈશંકર દવે ) ૧૮૮
૬ માયાજાળ ... ... ... ... ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ ) ૧૯૦
૭ અખંડ આનંદ ... ... ... ... ... ( શ્રી અમરચંદ માવજી ) ૧૯૧
૮ જૈન ધર્મ-કયે માર્ગે ?... ... ... ... ... ( અનુ. કપિલ પ ઠક્કર ) ૧૯૪
૯ સ્વીકાર ... ... ... ... ... ... ... ... ... ૧૯૬
૧૦ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... ૧૯૭
૧૧ પુસ્તક બાવનની વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... ૧૯૮


## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

કર્તા—**શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.**

જેમાં સમ્યકૂત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યકૃત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

### નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તુટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા સાડી અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા સાડી ( પોસ્ટેજ જુદું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

વીર સં. ૨૪૮૧ પુસ્તક ૫૨ મું.
અશાડ–જુલાઈ
વિક્રમ સં. ૨૦૧૧ અંક ૧૨ મો.

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

પાર્શ્વ જિનરાજ જગવંદ્ય ત્રિભુવન ધણી,
સકલ ગુણ મુકુટમણિ માન્ય જગમાં;
વંદ્ય ને પૂજ્ય નરનારીગણને ભલા,
ઇંદ્ર નાગેંદ્ર સહુ નમત પદમાં. ધ્રુવ.

કમઠ શઠ હઠ ધરે યોગ હઠનો કરે,
આત્માની સાધના કાંઈ ન જાણે;
તે દયાહીન થઈ અગ્નિ પ્રજવાલતો,
નાગને દગ્ધ કરતો અજાણે. ૧

દેઇ ઉપદેશ સન્માર્ગની સાધના,
દાખવી બોધ કરુણા પ્રભુએ;
થાય લજ્જિત મને ક્રોધ ધરી મન વિષે,
મેઘમાલી થઇ ત્રાસ આપે. ૨

ઘોર ઉપસર્ગ તે ટાળવા ઈંદ્ર તવ,
આવી ત્યાં વારિયો તેહ વેગે;
એક અપરાધિયો એક ભક્તિ કરે,
ભાવ પ્રભુ સમતુલા ધન્ય દાખે. ૩

પ્રભુ દયાસિંધુ તે કમઠ પર દાખવે,
અતુલ અનુકંપના ભાવ ઊજળા;
ધન્ય તે પાર્શ્વપ્રભુ ચરણમાં વંદના,
ભાવ જસ શુદ્ધ સાત્વિક કુમળા. ૪

હે દયાનાથ ! મુજ સાથ કિમ ના કરો ?
વિનવું હું કરગરી આપ ચરણે;
આવ તૂં નાવ લઈ તારવા ભવથકી,
ધારી બાલેન્દુની પ્રાર્થનાને. ૫

—શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામીના પૂર્વભવના વેરીઓ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી મોક્ષે સંચર્યા તે પૂર્વે એમને કેટલા ભવ કરવા પડ્યા હતા તેનો નિર્દેશ કોઈએ કર્યો હોય એમ જણાતું નથી. આ ચરમ તીર્થંકરના સત્તાવીસ મોટા ભવો ગણાવાય છે. તેમાં નયસાર તરીકેના ભવમાં એમણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. એ ભવને પ્રથમ ગણવામાં આવે છે. એની પૂર્વેના ભવો વિષેની હકીકત મળતી નથી. એ પરિસ્થિતિમાં બહુમાં બહુ તો છેલ્લા ૨૭ ભવો પૂરતી જ વેરીઓની વિચારણા થઈ શકે. પ્રસ્તુત લેખમાં તો હું મહાવીરસ્વામીના અંતિમ ભવમાં એમને પૂર્વ ભવના વેરીઓનો જે સમાગમ થયો તેની નોંધ લેવા ઇચ્છું છું.

અંતિમ ભવમાં મહાવીરસ્વામીને જાતજાતના અનેક ઉપસર્ગો થયા છે. એ કરનારાં પૈકી સૌ કોઈને કંઈ એમના પૂર્વભવના વેરી તરીકે ગણાવાય તેમ નથી.

**સુદંષ્ટ્ર**—મહાવીરસ્વામીએ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં, અશ્વગ્રીવ તરફથી સિંહની ચોકી કરવાનું કાર્ય ઉપાડી લીધું. તેમ કરતી વેળા બીજા રાજાઓની પેઠે લશ્કરને સિંહ સામું મોકલવાનું કે હથિયાર લઈ એ સિંહનો સામનો કરવાનો એમણે વિચાર ન રાખ્યો. પોતે પગપાળા અને હથિયાર લીધા વિના સિંહની ગુફા પાસે ગયા અને એની સાથે મલ્લયુદ્ધ કરી એના બે હોઠ પકડી જાણે જીર્ણ વસ્ત્ર ન હોય તેમ એ સિંહને ચીરી નાંખ્યો, અને ખેડૂત દ્વારા એનું ચામડું અશ્વગ્રીવને મોકલાવી દીધું.

એ સિંહ આગળ જતાં 'ગંગા' નદીમાં સુદંષ્ટ્ર નામે નાગકુમાર થયો હતો. મહાવીરસ્વામી છદ્મસ્થ-અવસ્થામાં પહેલું ચોમાસું પૂરું કરી વિહાર કરતા કરતા 'સુરભિપુર'માં આવ્યા. ત્યાં એમને 'ગંગા' નદી ઓળંગવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. એઓ સિદ્ધાંત નામના નાવિકના નાવમાં બેઠા. એ જોઈ પેલા સુદંષ્ટ્રે એ નાવને ડુબાડવા-મહાવીરસ્વામીને હેરાન કરવા પોતાની શક્તિથી ભયંકર તોફાન ઊભું કર્યું અને નાવને ડામાડોલ સ્થિતિમાં મૂકી દીધું, પરંતુ ત્યાંના સંબલ અને કંબલ નામના બે નાગકુમારો પૈકી એકે સુદંષ્ટ્રને ભગાડી મૂકયો અને બીજાએ નાવ સહીસલામત રીતે કિનારે લાવી મૂક્યું. આથી મહાવીરસ્વામી મહાનદીમાં ડૂબતા બચી ગયા. આમ એ સુદંષ્ટ્ર જન્માંતરના વેરની વસુલાત કરવામાં ફાવ્યો નહિ. એ સુદંષ્ટ્ર નાગકુમારનું ચ્યવન થતાં એ કોઈ ગામમાં ખેડૂત તરીકે ઉત્પન્ન થયો, અને તે પણ મહાવીરસ્વામીના જીવનકાળમાં, એ ખેડૂતને પ્રતિબોધ પમાડવા માટે મહાવીરસ્વામીએ વિનયમૂર્તિ ઇન્દ્રભૂતિને એ ખેડૂત પાસે મોકલ્યા. એ ઇન્દ્રભૂતિ ત્રિપૃષ્ઠ વાસુદેવના સારથિ હતા અને પેલા સિંહને મરતી વખતે એમણે આશ્વાસન આપ્યું હતું. એથી એમને હાથે એ પ્રતિબોધ પામ્યો, પરંતુ મહાવીરસ્વામીને જોતાં વેંત એમનો દ્વેષી બની ચાલતો થયો. આગળ ઉપર એ ખેડૂતને વેર વાળવાનો વિચાર થયો હોય તો પણ તેવો પ્રસંગ મળ્યો નહિ, કેમકે થોડાંક વર્ષ બાદ મહાવીરસ્વામી તો નિર્વાણ-પદને પામ્યા. અહીં એ ઉમેરીશ કે ઉપર્યુક્ત સિંહ તે પૂર્વભવમાં વિશ્વનંદી રાજાની મદનલેખા ઉર્ફે પ્રિયંગુ રાણીનો વિશાખનંદી નામે પુત્ર હતો. એ વિશાખનંદીનો જીવ મરણ બાદ નરકાદિ ગતિમાં ભમી સિંહ થયો હતો.

વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખભૂતિને ધારિણી નામે પત્ની હતી. [1] મરીચિનો જીવ એ રાણીને પેટે પુત્ર તરીકે ઉત્પન્ન થયો હતો અને એ ભવમાં ઉપર્યુક્ત વિશાખનંદી એનો વેરી બન્યો હતો. એનો એ દ્વેષનો અગ્નિ મહાવીરસ્વામીના છેલ્લા ભવ સુધી ભભૂકતો રહ્યો.

---

૧ આ મહાવીરસ્વામીના ૨૭ ભવો પૈકી ત્રીજા ભવનું નામ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશાખનંદીએ સુદંષ્ટ્ર તરીકે તેમજ ખેડૂત તરીકે મહાવીરસ્વામી પ્રત્યે જે વર્તન રાખ્યું તે પૂર્વભવના વેરને લીધે હતું એમ આપણે ગુણચન્દ્રગણિએ વિ. સં. ૧૧૩૯ માં રચેલા **મહાવીરચરિત્ર** ( પ્રસ્તાવ ૫, પત્ર ૧૭૮ અ )માંના તેમજ પ્ર. ૮, પત્ર ૨૯૧ અ માંના અનુક્રમે નિમ્નલિખિત [1]પાઠ ઉપરથી જાણી શકીએ છીએ:

**"एत्थावसरम्मि जिणं नावारूढं पलोइउं पावो।**
**सम्भरिय पुव्ववेरो नागसुदाढो विचिन्तेइ ॥१॥**
**एसो सो जेण पुरा तिविट्ठुचक्कित्तणमुवगएणं।**
**गिरिकन्दरमल्लीणो सीहत्ते वट्टमाणोऽहं ॥२॥"**

**"एवं तेण गहियदिक्खेण समं पयट्टो गोयमसामी भगवओ अभिमुहं । अह जयगुरुणो चक्खुगोयरमुवागयस्स तस्स करिसगस्स तेण सीहभवावज्जियगाढवेरवसेण पम्हुट्ठा पव्वज्जापडिवत्ती जायपयण्डकोवो य भणिउं पवत्तो...परिचत्तरयहरणो धाविऊण गओ खेत्तम्मि । ... ...**

**तप्पचइएणं मइ दोसेणऽज्ज वि स वेरमुव्वहइ।"**

આ સંબંધમાં 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ પણ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**( પર્વ ૧૦ )માં ઉપર મુજબ કથન કર્યું છે. આના સમર્થનાર્થે હું નિમ્નલિખિત પદ્ય ઉદ્ધૃત કરું છું.

**"स्मृत्वा प्राग्जन्मवैरं स क्रुध्यन्नेवमचिन्तयत् ।**
**सोऽयं येन त्रिपृष्टत्वे सिंहोऽहं निहतस्तदा ॥ ३-२९५ ॥"**

**"प्रभुं प्रेक्ष्य स संक्रुद्धः सिंहादिभववैरतः ।**
**सोऽवोचद् गौतममुनिं भगवन्! कोऽयमग्रतः? ॥ ९-१३ ॥"**

**કટપૂતના—**મહાવીરસ્વામીને **ત્રિપૃષ્ઠ** વાસુદેવના ભવમાં અનેક પત્નીઓ હતી. તેમાંની એકનું નામ **વિજયવતી** હતું. એ અણમાનીતી હતી. એનો અનાદર કરાતો હોવાથી એ **ત્રિપૃષ્ઠ** તરફ વેરભાવ રાખતી હતી. આગળ જતાં એ **કટપૂતના** નામની વ્યંતરી થઇ.

મહાવીરસ્વામીનું છદ્મસ્થાવસ્થાનું પાંચમું ચોમાસું પૂર્ણ થતાં કાલાંતરે એઓ 'શાલિશીર્ષ' નામના ગામમાં આવ્યા. ત્યાં કટપૂતના વ્યંતરી પૂર્વભવના વેરને લઇને મહાવીરસ્વામીનું તેજ સહન ન કરી શકી એટલે એણે તાપસીનું રૂપ લીધું અને માહ મહીનાની કડકડતી ઠંડીમાં ધ્યાન ધરતા મહાવીરસ્વામીના ઉપર ખૂબ ઠંડા પાણીના બિંદુઓ વરસાવવાનું કાર્ય ચાલુ રાખ્યું. એમની જગ્યાએ બીજી કોઇ વ્યક્તિ હોત તો તેનું આવી બનત, પરંતુ મહાવીરસ્વામી આ જઘન્ય ઉપસર્ગો પૈકી ઉત્કૃષ્ટ ગણાતા ઉપસર્ગથી જરા યે ડગ્યા નહિ. ઉલટો એમને એ ઉપસર્ગ જાણે લાભકારી બન્યો ન હોય તેમ એમને 'લોકાવધિ' નામનું વિશિષ્ટ અવધિજ્ઞાન થયું. કટપૂતનાને પશ્ચાત્તાપ થયો અને એ પ્રભુનું પૂજન કરી ચાલી ગઇ. આખરે એનું શું થયું તે જાણવામાં નથી.

**કટપૂતના**એ વેરભાવે ઉપસર્ગ કર્યો એમ ઉપર્યુક્ત **મહાવીરચરિય** ( પ્રસ્તાવ ૮, પત્ર ૨૫૨ આ )-માંની નિમ્નલિખિત પંક્તિ ઉપરથી જાણી શકાય છે:—

**"तत्थ कडपूयणा नाम वाणमन्तरी। सा य सामिस्स तिविट्ठुभवे वट्टमाणस्स विजयवई नाम अन्तेउरिया आसि । तया य न सम्मं पडियरीयत्ति परं पओसमुव्वहन्ती मया... जिणस्स पुव्ववेरेण तेयमसहमाणा तावसीरूवं विउव्वई ।"**[2]

---

[1] **આવસ્સય**ની હારિભદ્રીય વૃત્તિ ( પત્ર ૧૯૭ અ ) માં 'વેર, એવો ઉલ્લેખ નથી. અહીં કહ્યું છે કે-" सुदाढेण य णागकुमारराइणा दिट्ठो भयवं णावाए। ठिओ। तस्स कोवो जाओ " અહીં કોપનું કારણ દર્શાવ્યું નથી.

[2] **આવસ્સય**ની હારિભદ્રીય વૃત્તિ (પત્ર ૨૧૦અ)-માં કહ્યું છે કે—

"तत्थ **सालज्जा** वाणमन्तरी। सा भगवओ पूअं करेइ । अण्णे भणन्ति, जहा—सा **कडपूअणा** वाणमन्तरी भगवओ पडिमागयस्सं उवस्सग्गं करेइ । ताहे उवसन्ता महिमं करेइ ।"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો

## વિવેચનકાર પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય

## નવમું ચારિત્ર પદ ચૈત્યવંદન-સાર્થ

**શ્રીઋષભાદિક તીર્થનાથ,**
**તદ્ભવ શિવ જાણ;**
**બહિ અંતરપિ બાહ્ય મધ્ય,**
**દ્વાદશ પરિમાણ. ૧**
**વસુકર મિત આમોસહી,**
**આદિક લબ્ધિ નિદાન;**
**ભેદે સમતા યુત ખિણ,**
**દૃગ્ ઘન કર્મ વિતાન. ૨**
**નવમો શ્રી તપ પદ ભલોએ,**
**ઇચ્છા રોધ સરૂપ;**
**વંદન સેં નિત હીર ધર્મ,**
**દૂર ભવતુ ભવકૂપ. ૩**

**અર્થ**:—શ્રીઋષભાદિક ચોવીશ તીર્થંકરો તેજ ભવમાં પોતાનો મોક્ષ જાણતા હતા. તે છતાં બાહ્ય, અભ્યંતર અને મધ્ય ભેદોરૂપ બાર પ્રકારનો તપ કર્યો.

"વસુકરમિત" (૨૮) સંખ્યાવાલી આમૌષધિ વિગેરે લબ્ધિઓમાં નિદાન એટલે કારણભૂત આ તપ છે. અને 'દૃગ્ઘન' એટલે આઠ કર્મની પરંપરાને સમતા યુક્ત તપસ્વી ક્ષણવારમાં ભેદી શકે છે, તેથી ઇચ્છારોધ સ્વરૂપવાળું આ નવમું તપ પદ સારું છે.

હીરધર્મ નામના મુનિવર કહે છે કેઃ-હંમેશા તપ પદને પ્રણામ કરવાથી અમારો ભવરૂપી કૂવો દૂર થાઓ.

**વિશેષાર્થ**:—શ્રી ઋષભાદિક વર્તમાન કાળના જિનવરો ઉપલક્ષણથી ભૂતકાળના થયેલા જિનવરો અને ભવિષ્ય કાળના થનારા તીર્થંકરો તેજ ભવમાં પોતાનો મોક્ષ થશે, એવું જ્ઞાનથી જાણતાં છતાં તેમણે વીશ સ્થાનકાદિ તપ કર્યો; આ તપના બાહ્ય-અભ્યંતર એવા છ-છ ભેદ હોવાથી બાર ભેદ થાય છે. તે આ પ્રમાણે-અનશન તપ, ઊનોદરી તપ, વૃત્તિ-સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા, એ બાહ્ય તપના છ ભેદો છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ-આ બાર તપનું સ્વરૂપ તત્ત્વાર્થ સૂત્ર, શ્રીપાલ રાજાના રાસ મધ્યે ચોથા ખંડની ઢાળમાં, તેમજ નવ તત્ત્વ અને અતિ-ચારની આઠ ગાથા (પ્રતિક્રમણ સૂત્ર)ની અંદર આવે છે. આ બાર ભેદ તેજ 'નાણંમિ દંસણમ્મિઅ,' અતિચારની આઠ ગાથામાં પાંચમી, છઠ્ઠી અને સાતમી એમ ત્રણ ગાથામાં વર્ણવ્યા છે. તે અર્થથી વાંચવા, મનન કરવા ખાસ તત્ત્વજિજ્ઞાસુને સૂચના છે.

આ કારણથી તપની આરાધના બાર પ્રકારે થાય છે. હવે તપના કારણથી કાર્યરૂપે ૨૮ અથવા ૫૦ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે.

ચૈત્યવંદનની બીજી કડીમાં (ગાથામાં) 'વસુ-કરમિત' એવા શબ્દો આવે છે. તેથી વસુની સંજ્ઞા આઠની છે, કરની સંજ્ઞા બેની છે. તેથી વસુકર શબ્દ-થી ૨૮ ની સંખ્યા લેવી. એવી રીતે આમૌષધિ આદિ લબ્ધિઓ આ તપથી જ ઉત્પન્ન થાય છે.

આ લબ્ધિવાળા ગૌતમ ગણધરાદિ અનેક મુનિ-પુંગવો થયા છે. સૂત્રો અને ગ્રંથ-ગ્રંથાંતરોમાં એઓના

---

ત્રિષષ્ટિ૦ (પર્વ ૧૦, સર્ગ ૩, શ્લો. ૬૧૫-૬૧૭)માં પણ ઉપર મુજબ હકીકત છે. પૂર્વ વેરનો ઉલ્લેખ નિમ્નલિખિત શ્લોકમાં છેઃ—

**"सा तत्र व्यन्तरीभूता स्वामिनः पूर्ववैरतः।**
**तेजोऽसहिष्णुर्व्यकरोत् तापसीरूपमग्रतः॥**
**॥ ३-६१७ ॥"**

મહાવીરસ્વામીના અન્ય કોઇ પૂર્વભવના વેરીઓ હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી કાનમાં ખીલા ઠોકનાર ગોવાળને અંગે પૂર્વભવના વેર જેવો ઉલ્લેખ કોઈ પ્રાચીન કૃતિમાં તો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકપ્રિય થવાની કળા

વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંકથી ચાલુ )

એક યુવાન પુરુષ પોતાની સાદી આકૃતિ અને અપ્રિય રીતભાત પર નિરંતર વિચાર કર્યા કરવાથી એટલો બધો નિરાશ અને અસ્વસ્થ થઇ ગયો હતો કે તે ઉન્મત્ત થઇ જવાની અણી પર હતો. કોઇ સંમેલનમાં અથવા સભામાં પોતાના વધારે આકર્ષક મિત્રો અથવા સંબંધીઓને આમંત્રણ આપવામાં આવતું અને પોતાનો તેમાં બહિષ્કાર કરવામાં આવતો ત્યારે તેને ઘણું લાગી આવતું અને દિવસોના દિવસો સુધી કાલ્પનિક દૃશ્ય દૃષ્ટિ સમક્ષ ખડું કરી તેના પર અનેક પ્રકારના તર્કવિતર્કો કરવામાં ગુંથાતો. આ પ્રમાણે ઘણો સમય વીત્યા પછી છેવટે મિત્રપદને શોભાવે એવો એક ખરેખરો મિત્ર તેની મદદે આવ્યો અને તેણે તેને કહ્યું કે–જે શારીરિક આકૃતો અને સૌંદર્યના અભાવને લઇને તું શોચ કરે છે તેના કરતાં વિશેષ લોકપ્રિય બનાવે અને વિશેષ ચિત્તાકર્ષક બનાવે એવા ગુણો કેળવવાનું તારા માટે સર્વથા શક્ય છે. આ માયાળુ મિત્રની મદદથી તેણે આત્મનિરીક્ષણ અથવા આત્મતુલના કરવાની રીત સંપૂર્ણપણે ફેરવી નાખી. માત્ર શારીરિક સૌંદર્ય પર વિશેષ ભાર મૂકવાને બદલે અને પોતાની જાતને વિરૂપ અને અપ્રિય માનવાને બદલે તે હમેશાં એમ જ વિચારવા લાગ્યો કે "હું પૂર્ણિમાની પ્રતિમા છું. મારામાં અમુક પ્રકારનો દૈવી અંશ રહેલો છે." અને આ દૈવી અંશને બહાર દેખાડવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો. પોતે અપ્રિય છે અથવા પોતે ખરેખરી રીતે વિરૂપ છે એવા પ્રત્યેક વિચારને તે તિલાંજલી આપવા લાગ્યો અને પોતાની લોકપ્રિયતાની અને આકર્ષણશક્તિની મૂર્તિને પૂરેપૂરા ઉત્સાહ અને ઉલ્લાસથી હૃદયમાં સ્થાપિત કરી અને પોતાની જાતને પોતે આકર્ષક, આહ્લાદક અને ચિત્તરંજક બનાવવા સમર્થ થશે જ એ વિચાર તેના મનમાં હમેશાં રમવા લાગ્યો. આકર્ષક અથવા લોકપ્રિય થવાનું કાર્ય પોતાને માટે અશક્ય છે એવા કોઇ પણ વિચારને પોષણ આપવાનું તેણે તજી દીધું. જે રીતે શક્ય હોય તે દરેક રીતે તેણે માનસિક સુધારણાનું કામ શરૂ કરી દીધું. તેણે સર્વોત્તમ ગ્રંથકારોના પુસ્તકો વાંચવાનો અભ્યાસ પાડ્યો, અધ્યયનના વિવિધ માર્ગો ગ્રહણ કર્યાં અને નિશ્ચય કર્યો કે "હું દરેક પ્રસંગે મારી જાતને આનંદપ્રદ બનાવીશ."

અત્યાર સુધી તે પોશાક પહેરવામાં તેમજ રીત-ભાત જાળવવામાં તદ્દન બેદરકાર રહ્યો હતો, કેમકે

---

જીવનચરિત્રો સુપ્રસિદ્ધ છે. વળી લબ્ધિઓનું વર્ણન શ્રીપાલરાસના ચોથા ખંડની અગિયારમી ઢાળની તેંતાલીસમી કડીમાં છે. આ તપ આઠ કર્મની પરંપરાને ભેદી શકે તેમ છે; સમતા યુક્ત તપસ્વી મુનિવરોને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ હોય છે.

અહિંઆ 'દૃગ્ઘન' એટલે દ્રષ્ટિ (આંખ) બે હોવાથી બેની સંખ્યા લેવી. તેનો ઘન કરીએ તો બે દુ ચાર અને ચાર દુ આઠની સંખ્યા થાય. કર્મ આઠ પ્રકારના છે. તેની 'વિતાન' કહેતાં પરંપરાને આ તપ ગુણ ભેદી શકે છે. તે કર્મમાં જ્ઞાનાવરણીય પાંચ પ્રકારનું છે, દર્શનાવરણીય આઠ પ્રકારનું છે, વેદનીય બે પ્રકારે, મોહનીય અઠ્ઠાવીશ પ્રકારે, આયુષ્ય ચાર પ્રકારે, નામકર્મ એકસો ત્રણ પ્રકારે, ગોત્ર બે પ્રકારે, અંતરાય પાંચ પ્રકારે–કુલ સંખ્યા એકસો અઠ્ઠાવનની થાય છે. નવતત્ત્વમાં, તત્ત્વાર્થમાં, પ્રથમ કર્મગ્રંથમાં આનું સ્વરૂપ અતિ પ્રસિદ્ધ છે.

આ ઇચ્છારોધરૂપ નવમું તપ સુંદર તપ એવા નામથી સુપ્રસિદ્ધ જ છે.

આ ચૈત્યવંદનના કર્તા હીરધર્મ નામના મુનિપુંગવ હંમેશા મુખથી વદે છે કેઃ–આ તપ ગુણના વંદનથી અમારો ભવરૂપી કૂવો દૂર થાઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને એમ ચોક્કસ ઠસી ગયું હતું કે હું કદી લોકપ્રિય થવાનો નથી, તેથી મારે સુઘડ અને આકર્ષક પોશાક પહેરવાની કે સારી રીતભાત રાખવાની કશી આવશ્યક્તા નથી; પરંતુ હવે તે પોતાને છાજે એવો, મનને શોભે એવો પોશાક પહેરવાની ખાસ સંભાળ રાખવાનું કદી ચૂકતો નથી.

આ સર્વનું પરિણામ એ આવ્યું કે પહેલાંની માફક અતડો રહેવાને બદલે તેને જ્યાં જ્યાં જવાનું બની આવતું ત્યાં ત્યાં પોતાની આસપાસ માણસોના નાના નાના સમૂહને આકર્ષવા લાગ્યા, અને તેની વાત કરવાની રીતથી સૌ કોઇના મનરંજન થવા લાગ્યા, અને થોડા સમયમાં જ તેણે પોતાની જાતને દરેક રીતે એટલી બધી આકર્ષક બનાવી દીધી કે જે આકર્ષક પુરુષોને તે ઇર્ષાયુક્ત દૃષ્ટિથી જોતો હતો તે સૌની માફક તેને સર્વત્ર આમંત્રણ મળવા લાગ્યું. આ પ્રમાણે ઘણા જ ટૂંક સમયમાં પોતાને અંતરાયભૂત થનારી વસ્તુઓ પર તેણે સંપૂર્ણ વિજય મેળવ્યો; એટલું જ નહિ પણ પોતાના સમૂહમાં તે સૌથી આકર્ષક અને મનોરંજક બની ગયો.

તેનું કાર્ય સહેલું કે સુગમ નહોતું, પરંતુ જે વસ્તુઓએ તેની નૈસર્ગિક શક્તિને દાબી દીધી હતી તેનો પરાજય કરવામાં જરૂરની અચળ શ્રદ્ધા, સંપૂર્ણ ધૈર્ય અને અડગ નિશ્ચયથી તે પોતાનું કાર્ય સાધી શકયો હતો, અને જે વસ્તુઓને તે નાશકારક, વિઘ્ન અને શાપ સમાન ગણતો હતો તેનો પરાજય કરવાના તેના નિશ્ચયાત્મક પ્રયાસથી જે શારીરિક સૌંદર્યનો તેનામાં અભાવ હતો તેના કરતાં અનેકગણા કિમતી ગુણો કેળવવાને તે શક્તિવાન થયો હતો.

જે વસ્તુ મેળવવાની આપણને તીવ્ર અભિલાષા હોય છે અથવા આપણે જેવા પ્રકારના થવા ઇચ્છીએ છીએ તેની પ્રતિમાનું મનની અંદર આગ્રહપૂર્વક સ્થાપન કરવાથી અને એની પ્રાપ્તિ અર્થે સતત સખત પ્રયત્ન કરવાથી આપણે જે પરિવર્તન કરી શકીએ છીએ તે આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે તેવું છે. આપણે જે વસ્તુ પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ તેને આપણી તરફ આકર્ષવાની તેમજ જે દૃશ્ય કે ચિત્ર આપણે કલ્પનાસૃષ્ટિમાં રચીએ છીએ તેને ખરેખરું બનાવવાની આમાં અદ્ભુત અને અજબ શક્તિ રહેલી છે.

લોકપ્રિયતા પ્રાપ્ત કરવામાં વાણી ખૂબ જ અગત્યનો પાઠ ભજવે છે. માણસ કેટલે દરજ્જે કેળવાયલો છે અને સંસ્કૃતિ પામેલો છે તે તેની વાણી ઉપરથી જ કલ્પી શકાય છે. કેમકે **यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणम् ।** એક વિદ્વાન કહે છે કે જુદા જુદા પ્રકારનાં વર્તનવાળા મનુષ્યોના સમૂહની સાથે મને એક અંધારા ઓરડામાં રાખો અને સૌ કેવા કેવા પ્રકારનાં વર્તનવાળા છે તે તેમની વાણી અથવા બોલવાના અવાજ અને રીત ઉપરથી તમને કહી શકીશ. એમ કહેવાય છે કે—પ્રાચીન સમયમાં ઇજિપ્તના ન્યાયમંદિરોમાં પણ સઘળો વ્યવહાર લિખિત પત્રોથી જ ચાલતો હતો તે એવી બીકથી કે કદાચ ન્યાયાસન પર બેઠેલા ન્યાયાધીશો બોલનારની વાક્‌શક્તિને આધીન થઇ જાય. છેવટનો નિર્ણય જાહેર કરતી વખતે ન્યાયાધીશો સત્ય દેવીની મૂર્તિને પોતાની પાસે રાખીને તદ્દન મૌનભાવ ધારણ કરીને અપરાધીઓને સજા ફરમાવતા. મનુષ્યની વાણીની ચમત્કારિક શક્તિનો વિચાર કરતાં શું એમ નથી લાગતું કે આપણા બાળકોની વાક્‌શક્તિ ખીલવવાને તેમજ સુંદર બનાવવાને ગૃહોમાં કે શાળાઓમાં યત્ન કરવામાં નથી આવતો તે ખેદ તેમજ શરમ ઉપજાવે એવો વિષય છે? બુદ્ધિશાળી બાળકો ઉચ્ચ પ્રકારની કેળવણી લેતા હોય, છતાં તેઓની વાણી કઠોર, કર્કશ અને કિલષ્ટ હોય તે શું શોચનીય નથી? જે કઠોર વાણી તેઓનાં જીવનની પ્રવૃત્તિ અને પ્રગતિમાં પ્રતિક્ષણે અવરોધક નીવડે છે.

જ્યાં જિંદગીનો સદુપયોગ કેવી રીતે કરવો તે વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે, જ્યાં તેઓને દરેક ભાષાનું, ગણિતશાસ્ત્રનું, વિજ્ઞાનનું, કળા તથા સાહિત્યનું શિક્ષણ આપવામાં આવે છે એવી શાળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓમાંથી અને કોલેજોમાંથી અનેક સ્ત્રી પુરુષો જુદી જુદી ડીગ્રી લઈ બહાર આવે છે, છતાં પણ તેઓની વાણી કઠોર, નીરસ અને શુષ્ક હોય છે. ઘણા બુદ્ધિશાળી યુવકો અને યુવતીઓ મહાન માનવંતી ઉપાધિઓથી અલંકૃત થયેલા હોય છે, પણ તેમની વાણી એવી વિષમ અને કર્કશ હોય છે કે કોમળ લાગણીવાળો માણસ તેઓની સાથે ભાગ્યે જ લાંબા વખત સુધી વાતચીત ચલાવી શકે. બીજી બાજુએ જો ઉચ્ચ કેળવણીની સાથે તેઓની વાણીની યોગ્ય ખીલવણી થયેલી હોય છે તો તેના જેવી બીજી કોઈ વસ્તુ મોહક અને આહ્લાદક જણાતી નથી.

જેની વાણી દિવ્ય વાજિંત્રમાંથી નીકળતા સૂર જેવી હોય છે, જેની વાણી સુસ્પષ્ટ શબ્દોથી યુક્ત હોય છે, જેની વાણીનો પ્રવાહ નિર્મળ ઝરણાંની માફક વહે છે એવા પુરુષની જોડે ક્ષણવાર વાર્તાલાપ કરવાથી અસીમ આનંદનો અનુભવ થાય છે. એક વ્યક્તિની વાણીમાં એવી મિષ્ટતા અને મોહિની છે કે તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તે જ્યારે જ્યારે કાંઈ બોલે છે ત્યારે ત્યારે પ્રત્યેક માણસ તેને અતિશય આનંદથી લક્ષપૂર્વક સાંભળે છે. તેની વાણી એવી મધુર અને રસિક છે કે તે સાંભળનારને ચકિત અને મુગ્ધ કરી મૂકે છે; તેની બાહ્ય કૃતિ સાદી છે—સહેજ વિરૂપ છે, પરંતુ તેની વાણીનો પ્રભાવ અલૌકિક છે, તેની વાણીની મોહિની અજબ છે. આવી તેની વાણી ઉત્તમ રીતે વિકાસ પામેલા મનની અને મોહક ચારિત્ર્યની સૂચક છે.

સમાજમાં કેટલાય સ્ત્રી પુરુષોની વાણી એટલી કઠોર અને કલિષ્ટ હોય છે કે આપણને વારંવાર તેઓની પાસેથી ખસી જવાની જરૂર પડે છે. જે વાણી કેળવણી અને સુસંસ્કારની સૂચક છે, જે સ્પષ્ટ સુમધુર શબ્દોથી ભરપૂર છે, જેની અંદર સાંભળનારને મુગ્ધ કરી નાખે એવું માધુર્ય રહેલું છે, જેમાં જાદુઈ ચમત્કૃતિ રહેલી છે એવી વિમળ, વિશદ, કેળવાયેલી વાણીની પ્રાપ્તિ દુર્લભ છે, લોકોત્તર છે. આવી વાણી ગણ્યાગાંઠ્યા માણસમાં જ જોવામાં આવે છે.

પ્રિય વાંચક! લોકપ્રિય થવામાં મધુર અને સાંભળનારને મુગ્ધ કરી નાખે એવી વાણી અત્યંત અગત્યનો પાઠ ભજવતી હોવાથી એવા પ્રકારની વાણી કેળવવાનો આજથી જ પ્રયત્ન આદરો. જેથી સમય જતાં તમે જાણીતા તેમજ અજાણ્યા મનુષ્યોને તમારી તરફ આકર્ષી શકશો. અને તમે લોકપ્રિય થશો એમાં લેશ પણ સંદેહ જેવું નથી.

## સ્વરૂપને ઓળખો

સંયોગ નિત્ય નથી. સંયોગ વિયોગસ્વરૂપ હોય છે, માટે જ્ઞાનીઓ સંયોગોને ઈચ્છતા નથી તેમજ વિયોગને પણ ઇચ્છતા નથી; પરન્તુ સ્વરૂપરમણતાની સ્પૃહાવાળા હોય છે અને તેથી સમતા, શાંતિ અને આનંદના ભોગી હોય છે. સંબંધોને આત્મા નથી જોડતો કારણ કે તે સ્વરૂપે હમેશાં સંબંધ વિનાનો હોય છે. આત્માઓના સંબંધો થતા નથી પણ જડના સંબંધ થાય છે. જડાસક્ત—જડાધીન આત્મા માની લે છે કે મારો અમુક આત્માની સાથે સંબંધ થયો છે પણ તે એક પ્રકારની મિથ્યા ભ્રાન્તિ જ છે અને તે મિથ્યા ભ્રાન્તિને લઇને અત્યંત દુ:ખ મનાવે છે. વાસ્તવિકમાં દુ:ખ, સંયોગ, સંબંધ, ઇષ્ટ, અનિષ્ટ આદિ કોઇ પણ ભાવો સંસારમાં સ્વરૂપે સત્ય કે નિત્ય નથી; માટે વિચારક ડાહ્યા તત્વજ્ઞ આત્માઓએ વસ્તુસ્થિતિને લક્ષમાં રાખીને આત્મસ્વરૂપ સમતા, શાંતિ તથા આનંદાદિથી પરાંગમુખ ન થતાં સ્વરૂપના વિકાસના માર્ગે વળવું જોઇએ.

—જ્ઞાનપ્રદીપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *આત્મપ્રકાશ; શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની

# પ્રજ્ઞાપ્રસાદી

[લેખકઃ—પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે, એમ. એ.]

'આત્મપ્રકાશ' ગ્રંથ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વર ગ્રંથમાલામાં પ્રસિદ્ધ થયેલ એક અપૂર્વ પુસ્તક છે. પુસ્તકના રચનાર આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વર એક સમર્થ જ્ઞાની, યોગનિષ્ઠ અને અધ્યાત્મી આચાર્ય છે. સમસ્ત ગુજરાત–સૌરાષ્ટ્રમાં એમનું નામ પ્રસિદ્ધ છે. ઘણા વર્ષોનાં શાસ્ત્રાભ્યાસ, તપશ્ચર્યા અને આત્મનિષ્ઠાના પરિપાકનું એક સુંદર ફળ તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં ઉમેરાયું છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ થતી નથી.

આ ગ્રંથની અનેક ખૂબીઓ છે. ભાષાની હૃદયંગમ સરલતા, જૈનદર્શન અને તત્ત્વજ્ઞાનના કૂટ પ્રશ્નોની માર્મિક છણાવટ, નયવાદ અને અનેકાંતવાદની સમજણ, જુદા જુદા વાદોની તુલનાત્મક ચર્ચા અને છેવટે જૈનદર્શને સ્વીકારેલાં તત્ત્વો અને દ્રવ્યોની સાદી સરલ ભાષામાં આપેલી માર્ગદેશના–આ બધી વસ્તુઓમાં એક પ્રકારની અપૂર્વતાનાં દર્શન આપણને થાય છે. કોઈએ યોગ્ય જ કહ્યું છે કેઃ—

**योऽन्यथा संतमात्मानं अन्यथा प्रतिपद्यते ।**
**किं तेन न कृतं पापं चोरेणात्मापहारिणा ॥**

એટલે કે આત્માનું એક પ્રકારનું, ચોક્કસ નિશ્ચિત સ્વરૂપ છે. આવા આત્માને જે વાદી બીજા પ્રકારનો માને છે તે આત્મચોર છે, આવા આત્મચોરે કયું પાપ કર્યું નથી?

જૈન તત્ત્વજ્ઞાનીઓ વાસ્તવવાદી (Realists) છે, કારણ કે તેઓ માને છે કે જ્ઞાતાસ્વરૂપ આત્માનું સ્વરૂપ અમુક પ્રકારે નિશ્ચિત છે. આત્માનું ખરું સ્વરૂપ જાણવા માટે જડ અને ચેતનનું પૃથક્કરણ કરવું આવશ્યક છે. અદ્વૈતવાદમાં જડ–ચેતન વિવેક ભૂંસાઈ જાય છે એમ કોઈ પણ સત્યાર્થી જોઈ શકશે. જડ–ચેતન–વિવેક પછી બીજું પગથિયું સત્યાસત્ય વિવેક અને નિત્યાનિત્ય વિવેક આવે છે. આવી રીતે છેવટનો તત્ત્વનિર્ણય થાય છે.

મનુષ્ય જીવનનું પરમ ધ્યેય શું હોઈ શકે? આત્મજ્ઞાન. આ બાબત પૂર્વ અને પશ્ચિમના ચિંતકો એકમત છે. પ્રાચીન ગ્રીક વિદ્યામંદિરોનાં પ્રવેશદ્વારની ઉપર બે ઘણા જ અર્થસૂચક શબ્દો કોતરાયેલા જોવામાં આવતા Know Thyself (મૂળ ગ્રીક ભાષામાં Gnothi Seauton) એટલે કે આત્માને–પોતાને–ઓળખ; આ શબ્દો પ્રાચીન ગ્રીક વિદ્યામંદિરોના બારણા પર લખાયેલા જોવામાં આવતા. આપણા શાસ્ત્રકારો પણ આત્મજ્ઞાનને જ પ્રધાન વિદ્યા માને છે. પરા વિદ્યા અને અપરા વિદ્યા એમ બે પ્રકારની વિદ્યાઓ છે. અપરા વિદ્યાઓમાં વ્યવહારનું જ્ઞાન અને ભૌતિકશાસ્ત્રો આવી જાય છે. વ્યવહાર દશામાં હોઈએ ત્યાંસુધી અપરા વિદ્યાઓ કામની છે. પણ આત્માના સ્વરૂપ પર તે વિદ્યાઓ કશો પ્રકાશ પાડી શકતી નથી એટલા માટે જ તેમને અપરા–ગૌણ માની છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–આત્મજ્ઞાન જ મુખ્ય વસ્તુ છે, એમનું એક વાક્ય અહિં યાદ આવે છે. તે એ છે કે "આત્મા જાણ્યે સર્વ પદાર્થ જાણે." ઉપનિષદ્ પણ કહે છે કે **येन ज्ञातेन सर्वमिदं विज्ञातं भवति.** શ્રીમદ્ રાજચંદ્રનું અવતરણ અને ઉપનિષદ્નું અવતરણ બન્ને એક જ અર્થ બતાવે છે. માનવ–યાત્રાનો અંતિમ વીસામો આત્મજ્ઞાન છે, આત્મલાભ છે. સંત કવિ ધીરો કહે છે કે "પોતે પોતાની પાસ" છે પણ અજ્ઞાનીઓને તેની ખબર નથી. "આત્મપ્રકાશ"ના પૃષ્ઠ ૧૬૧ પર સૂરીશ્વરજી એ જ વાત કહે છે.

"પરમાનંદસંપન્ન, નિર્વિકાર, નિરામય એવા પોતાના આત્માને દેહમાં રહ્યા છતાં પણ ધ્યાનહીન પુરુષો દેખી શકતા નથી. હેમપાષાણમાં જેમ સુવર્ણ વ્યાપીને રહ્યું છે; દૂધમાં જેમ ઘી રહ્યું છે તથા કાષ્ઠમાં જેમ અગ્નિ સૂક્ષ્મરૂપે રહ્યો છે, તેમ આત્મા શરીરમાં વ્યાપીને રહ્યો છે. એમ જે જાણે છે તેને જ્ઞાની

---

*આત્મપ્રકાશ : રચયિતા, આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ, પ્રકાશક : અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ. ૩૪૭, કાલબાદેવી રોડ–મુંબઈ. મૂલ્ય રૂા. પાંચ. પૃષ્ઠ ૪૮+૪૬૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવો. અને તે પોતાની પાસે અંતરાત્મ પ્રભુ છે એમ જાણી શકે છે.”

કર્મ-વર્ગણાઓના આવરણથી આત્મા પૂર્ણપણે પ્રકાશી શકતો નથી. અંધારામાં અનેક વસ્તુઓ પડેલી હોવા છતાં જેમ આપણે જોઇ શકતા નથી તેમ આત્માના અનેક ગુણપર્યાયો કર્મનાં આવરણ હોવાથી આપણે જોઇ શકતા નથી. આત્માનું ઐશ્વર્ય એ કેવી અદ્‌ભુત વસ્તુ છે? આત્મા સ્વયં પરમાત્મા છે પણ એ વાત કેટલા જાણે છે? કે સમજે છે? કે અનુભવે છે?

આત્મશુદ્ધિના સત્ય માર્ગ સંબંધે બોલતાં સૂરીશ્વરજી કહે છે કે–અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો. તેમાંથી સાર એ નીકળે છે કે–રાગ દ્વેષનો નાશ કરીને આત્માની શુદ્ધિ કરવી. બીજાં ધર્મશાસ્ત્રો, અલબત્ત સારાં છે પણ શ્રી મહાવીર પ્રભુએ આત્માની પરમાત્મ દશા પ્રાપ્ત કરવા જ્ઞાન, દર્શન અને ચારિત્રનો જે માર્ગ બતાવ્યો છે તે જ **વીતરાગ પંથ ઉત્તમ છે.** આગમનો સાર એ છે કે–જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉપાસના કરવી. આત્મજ્ઞાન થતાં સ્યાદ્‌વાદદૃષ્ટિએ અનેક નયોની અપેક્ષાએ સત્ય-તત્ત્વ ગ્રહણ કરવાની શક્તિ પ્રગટે છે.

કેટલાક વિદ્વાનો કેવળ કર્મયોગને, વળી બીજા વિદ્વાનો જ્ઞાનયોગને અને ત્રીજા પ્રકારના ભક્તિયોગને જ મુખ્ય માને છે. એકને મુખ્ય જ્ઞાનીને બીજાને ગૌણ માની બેસે છે. સૂરીશ્વરજીના અધ્યાત્મમાર્ગમાં તે ત્રણેનું યોગ્ય સ્થાન સ્વીકારાયું છે અને એક રીતે કહીએ તો સુંદર સમન્વય પણ કરાયો છે. તદુપરાંત ષડ્‌દર્શનનું સ્વરૂપ અને વિવેચન, પ્રાણાયામ, યોગ, વૈરાગ્ય ઇત્યાદિ અનેક વિષયો કે જે મુમુક્ષુ-ઓને માર્ગદર્શન આપી શકે છે, તેનું સુંદર શબ્દ-ગૂંથણ કરાયેલું છે.

**ज्ञानक्रियाभ्यां मोक्षः।** એકલું જ્ઞાન શુષ્ક છે, જીવનશોધન માટે એવું જ્ઞાન બહુ ઉપયોગી નીવડતું નથી. એકલી ક્રિયા પણ અમુક અપેક્ષાએ અધૂરી છે તેથી જ્ઞાન અને ક્રિયા એટલે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષ-માર્ગ બને છે. નિશ્ચયનય પ્રમાણે આત્મા પોતે જ મોક્ષ છે. આવા આત્માની આરાધના કરો કારણ કે એ જ તમને અંધકારમાંથી પરમજ્યોતિ તરફ લઇ જશે, અસત્યોમાંથી સત્ય તરફ લઇ જશે, મૃત્યુમય સંસારમાંથી અમૃતધામ આત્માની સમીપે લઇ જશે.

જે કોઇ પરમાત્મસ્વરૂપ આત્માની આરાધના કરશે તેનો આત્મા પ્રસન્ન થઇ સ્વયંપ્રકાશરૂપે પ્રકટ થશે.

આ છે “આત્મપ્રકાશ”નો દિવ્યસંદેશ.

## માનવીનો અંકુશ

સંસારમાં બે જ વસ્તુઓ એવી છે કે જે ભૂલેલા માનવીની શાન ઠેકાણે લાવે છે: એક તો અસાતા (વ્યાધિ) અને અંતરાય (કંગાળીયત). આ બેમાં કંગાળીયત ધર્મ તથા પ્રભુનું સ્મરણ કરાવે છે, ત્યારે વ્યાધિ મોતની યાદ દેવરાવે છે. બાકીના અદૃષ્ટ (કર્મની) શક્તિને તો મોહઘેલા માનવી ઠોકરે ચડાવે છે; પણ આ બેથી તો હતાશ, દુઃખી, દીન–કંગાળ બની જાય છે અને કષાય–વિષયની દિશા જ ભૂલી જાય છે. અંતરાય કરતાં પણ અસાતા માનવીને વધારે ભયંકર લાગે છે; કારણ કે અંતરાયથી મોતના ઓળા દેખાતા નથી. અધર્મ–અનીતિ કરીને પણ કાંઇક અંતરાયને દાબી શકે છે અને મોજ-શોખનું તથા જીવનનિર્વાહનું સાધન મેળવી શકે છે પણ અસાતામાં તો આમાંનું કશું ય કામ આવતું નથી. અસાતાનો ઉગ્ર પ્રકોપ થાય કે તરત જ તે બધું વિસરાઇ જઇને મોતના પ્રચંડ પડછાયા દેખાવા માંડે છે. —જ્ઞાનપ્રદીપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માયાજાળ

લેખક—
પૂ. મુનિ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ.

માયા એટલે દંભ, પ્રપંચ, કપટ વિગેરે. તેથી માયાવી માણુસ દંભી, પ્રપંચી, કપટી વિગેરે હલકા ઉપનામોથી ઓળખાય છે અને સર્વત્ર અનાદર–તિરસ્કાર પામે છે.

માયાવીની મતિ જેને તેને છેતરવાની હોય છે, અને તે જ પ્રપંચમાં તેની વિચારજાળ પથરાએલી હોય છે. માતા, પિતા અને ગુરુ આદિ પૂજ્યજનોને પણ છેતરે છે. તેને અન્યની પરાધીનતા સેવવી પડે છે અને પોતાની માયાજાળ ખુલ્લી ન પડે તે માટે નિરંતર ભય રાખવો પડે છે. માયાવી બહારથી નવનીત જેવો નમ્ર છતાં અંદરથી અત્યંત કઠિન અને કઠોર હોય છે. જ્યારે સરળ આત્મા તો જેવો બહાર હોય છે તેવો જ અંદર હોય છે. તેથી સરળ-સ્વભાવી જ્યાં ત્યાં મૌન–સત્કાર પામે છે. માયાવીની ધર્મકરણી નિષ્ફળ થાય છે જ્યારે સરળની સફળ થાય છે.

માયા અસત્યને જન્મ આપનારી માતા, શીલ-વૃક્ષને કાપવાની ફરશી, અવિદ્યાની જન્મભૂમિ અને દુર્ગતિનું કારણ છે. કુટિલપણામાં ચતુર અને માયા-વડે બગલાની જેવી વૃત્તિવાળા પાપી પુરુષો જગતને વંચતા પોતાના આત્માને જ વંચે છે. રાજાઓ ખોટા ષડ્ગુણના યોગથી છળ અને વિશ્વાસઘાતવડે અર્થલોભ માટે સર્વ જગત્‌ને છેતરે છે. બ્રાહ્મણો તિલક, મુદ્રા, મંત્ર અને દીનત્વ બતાવી અંતરમાં શૂન્ય અને બહાર સારવાળા થઇ લોકોને ઠગે છે. વણિકલોકો ખોટા તોલા અને માનમાપાથી તથા દાણચોરી વિગેરેથી ભોળા લોકોને વંચે છે. પાખંડીઓ અને નાસ્તિકો જપ, મૌંજી, શિખા, ભસ્મ, વલ્કલ અને અગ્નિ વિગેરેથી શ્રદ્ધાવાળા મુગ્ધજનને ઠગે છે. વેશ્યાઓ અરાગી છતાં હાવભાવ, લીલા, ગતિ અને કટાક્ષવડે કામીજનોનું મનરંજન કરતી સર્વ જગતને ઠગે છે. દ્યૂતકારો અને દીનદુ:ખી ખોટા સોગનથી અને ખોટા નાણાથી ધનવાનને વંચે છે. સ્ત્રીપુરુષ, પિતાપુત્ર, સહોદર, સુહૃદજન, સ્વામીસેવક અને બીજા સર્વે એકબીજાને માયાવડે ઠગનારા હોય છે. કારીગર, અંત્યજ અને કોઇ પણ જાતનું કામ કરી આજીવિકા ચલાવનાર ખોટા સોગનો ખાઇ સાધુજનને વંચે છે. વ્યંતરાદિકની નઠારી યોનિમાં રહેલ ક્રૂર દેવો છળ કરી પ્રાય: પ્રમાદી મનુષ્યોને અને પશુઓને પીડે છે. મત્સ્યાદિક જલચરો છળ કરીને પોતાના બચ્ચાઓ-નું જ ભક્ષણ કરે છે અને તેઓને ધીવર માયાવડે જાળમાં બાંધે છે અને હણે છે. વિવિધ પ્રકારના ઉપાયો કરી વંચનામાં પ્રવીણ શીકારીઓ પણ માયાથી જ સ્થળચારી પ્રાણીઓને બાંધે છે અને મારે છે અને તેવી જ રીતે પક્ષીઓ સાથે વર્તે છે.

આ પ્રમાણે સારાએ જગતમાં પરવંચના કરવામાં તત્પર પ્રાણીઓ પોતાના આત્માને જ વંચી સ્વધર્મ અને સદ્‌ગતિનો નાશ કરે છે. તેથી તિર્યંચમાં ઉત્પન્ન થવાનું ઉત્કૃષ્ટ બીજ, મોક્ષદ્વારની ભૂંગળ અને વિશ્વાસ-રૂપ વૃક્ષને દાવાનળ સમાન માયા વિદ્વાનોએ ત્યાગ કરવા યોગ્ય છે. પૂર્વભવની માયાના કારણે મલ્લિનાથ તીર્થંકરને પણ સ્ત્રીપણું પ્રાપ્ત કરવું પડ્યું, માટે જગત્‌નો દ્રોહ કરનારી માયાસર્પિણીને જગત્‌ને આનંદ-નું કારણ સરળતારૂપ ઔષધવડે જીતી લેવી.

સરળતાને વરેલા સંસારમાં રહેલા આત્માઓ પોતાથી જ અનુભવાય તેવું અકૃત્રિમ મુક્તિસુખ મેળવે છે. જેઓના મનમાં માયારૂપ શંકુ કલેશ કર્યા કરે છે અને જેઓ બીજાને હાનિ કરવામાં જ તત્પર છે, તેવા વંચક પુરુષને ક્યાંથી સુખ હોય? સર્વ વિદ્યાઓમાં વિદ્વત્તા મેળવ્યા છતાં અને સર્વપ્રકારની કળાઓ પ્રાપ્ત કર્યા છતાં ધન્ય પુરુષોને જ બાળકના જેવી સરળતા પ્રગટે છે. બાળક અજ્ઞ છતાં તેની સરળતા પ્રીતિ ઉપજાવે છે, તો જેઓના ચિત્ત સર્વ શાસ્ત્રોના અર્થમાં આસક્ત થયેલા છે તેમની સરળતા પ્રીતિ ઉપજાવે તેમાં શું કહેવું? સરળતા સ્વાભાવિક છે અને કુટિલતા કૃત્રિમ છે તો સ્વાભાવિક ધર્મને છોડી કૃત્રિમ ધર્મનો કોણ આશ્રય કરે? પ્રાય: સર્વ જનો છળ, પિશુનતા, વક્રોક્તિ અને પરવંચનામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અખંડ આનંદ

લેખકઃ—અમરચંદ માવજી શાહ

આપણે હંમેશા જીવનમાં અખંડ આનંદની અપેક્ષા રાખીએ છીએ પણ પ્રશ્ન એ થાય છે કે આ અખંડ આનંદ આવે છે કયાંથી? ઊંડો વિચાર કરતાં જણાશે કે એ અખંડ આનંદનું ધામ તું પોતે જ છે. તું પોતે જ અખંડ આનંદસ્વરૂપ છો. તું ચિદાનંદ એટલે **सत्-चिद्-आनंद** જે સત્સ્વરૂપ છે, ચિદ્ કહેતાં દ્રવ્ય–ધાતુરૂપ નિત્ય છે, જે કાયમ દરેક સમયમાં આનંદ જ સ્વરૂપ છે. એવું સ્વરૂપ આત્માનું છે.

અખંડ આનંદ આવતા મન–વચન–કાયાનાં યોગો સહજ એકાગ્ર ક્ષણભર થઈ જતાં આત્મામાં રહેલો તેના આનંદ નામનો ગુણ, જેમ સૂર્યનું કિરણ પડતાં હીરો ઝળકી ઉઠે છે–પ્રકાશિત થઈ જાય છે તેમ આત્માનો સહજ આનંદ સ્થિરતાથી જ્ઞાનનું કિરણ પડતાં પ્રગટી જાય છે. કોઈ ઓર સુખનો અનુભવ એક પળ પૂરતો થઈ જાય છે. આવી આનંદની પળો અખંડ રીતે ચાલુ રહેવી તેનું નામ અખંડ આનંદ!

અખંડ આનંદમાં વિક્ષેપ કયારે પડે છે? જ્યારે યોગો ચલાયમાન થાય છે, અસ્થિરતા થાય છે એટલે જેમ સમુદ્રમાં પવનથી તરંગો ઉછળે છે તેમ આત્મસાગરમાં મનના ચલાયમાનપણાથી સંકલ્પ–વિકલ્પરૂપ તરંગો ઉછળે છે. અને શાંત પ્રશાંત આત્મસાગરમાં અખંડ આનંદનાં ખંડ ખંડ જુદા પડી જાય છે અને સુખ દુઃખની લાગણીઓ અનુભવાય છે. ત્યારે હવે એ અખંડ આનંદને ટકાવી શી રીતે રાખવો?

આ માટે જ દરેક સંતપુરુષોની સાધના હોય છે, એ મહાપુરુષો દુન્યવી ઐહિક આનંદને તો ઉછીનો લીધેલો, માંગી લાવેલો માને છે. પોતાનો આનંદ પોતાની પાસે જ છે. પોતાના પુરુષાર્થની નબળાઈથી, અસ્થિરતાથી મોહથી તે અવરાઈ ગયો છે તેમ માને છે.

તે મહાત્માઓને દઢ શ્રદ્ધા હોય છે કે, પોતાનું આત્મસ્વરૂપ નિત્ય–અજર–અમર અને અવિનાશી છે. સંસાર અવસ્થાએ સોનું જેમ માટીવડે અશુદ્ધ જણાય છે પરંતુ વાસ્તવિક રીતે સોનું તે સોનું જ હોય છે અને માટી તે માટી જ હોય છે. બને સંયોગી છતાં પોતપોતાના સ્વરૂપે ભિન્ન છે. એક બીજામાં તદ્દન ભળી ગયાં નથી. તે યોગ્ય વિધિથી જુદા પડી શકે છે અને શુદ્ધ સુવર્ણ થઈ શકે છે. આવી પ્રજ્ઞાવડે કરીને તેણે સ્વ–પરનો વિવેક જાગ્રત કર્યો હોય છે. પોતે અવસ્થાએ અશુદ્ધ છે તેનું પોતાને ભાન છે, સાથે પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, વીતરાગ ભગવાન આત્મા નિશ્ચયથી છે તેનું પણ તેને લક્ષ છે. તે લક્ષને સાધ્યરૂપે અશુદ્ધ સાધક આત્મા રાખે છે.

શુદ્ધ આત્મામાં સ્વાભાવિક આનંદ છે એ તેને ધન્યપળે સ્વાનુભવથી થયેલી પ્રતિતીરૂપ શ્રદ્ધા છે. પોતે અનંતજ્ઞાનમય છે. પોતાનો સ્વભાવ જ્ઞાતા–દૃષ્ટાનો

---

તત્પર છે, તો તેમાં રહ્યા છતાં પણ સુવર્ણ પ્રતિમાની પેઠે નિર્વિકારી રહેનાર કોઈક ધન્ય પુરુષ જ હોય છે. સર્વ ગણધરો જો કે શ્રુતસમુદ્રના પારને પામ્યા હોય છે તથાપિ શિક્ષા લેવાને યોગ્ય હોય તેમ તીર્થંકરની વાણીને સરળતાથી સાંભળે છે.

જે સરળપણે આલોચના કરે છે તે સર્વ દુષ્કર્મને ખપાવે છે, અને જે કુટિલપણે આલોચના કરે છે તે થોડાં દુષ્કર્મ હોય તો તેને ઉલટાં વધારે છે. જે મન, વચન અને કાયાથી સમસ્ત પ્રકારે કુટિલ છે તેમનો મોક્ષ થતો નથી, પણ જે મન–વચન–કાયાથી સર્વત્ર સરળ છે તેનો મોક્ષ થાય છે. માયાવી પોતાના કરેલા પાપો સદ્ગુરુ પાસે પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત લઈ શકતો નથી. માયા સાપણી જગત્માત્રને ડંસી ગુણ-સત્વનો નાશ કરે છે; માટે માયા–કુટિલતા સર્વ દોષોનું મૂળ હોઈ મોક્ષાર્થીઓએ સર્વથા તજવા જેવી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે સારી રીતે યથાતથ્ય સમજે છે. તેને કોઇ પણ પ્રકારની ભ્રાંતિ નથી. તેને સમ્યક્‌દીપિકા પ્રગટી ગઇ છે. પોતે પોતાને પોતાવડે જાણી લીધો છે, શ્રદ્ધી લીધો છે. હવે તેને પોતાનું મૂળ સ્વરૂપ શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવું એ જ એક પુરુષાર્થ કર્તવ્યરૂપ રહ્યો છે.

તેણે જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ-ઉપાધિ આદિનાં કાર્ય-કારણો જાણી લીધાં છે. પોતાની અજ્ઞાનતાથી વિભાવીક ભાવે પોતે પોતાવડે શુભાશુભ-રૂપ પરિણામે કરીને પોતાને બાંધ્યો છે. અને તેનાં પરિણામે ઉપજતાં સુખ-દુઃખોનો ભોક્તા થયો છે. સંયોગ-વિયોગમાં હર્ષ-શોક કરે છે. ઇષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષ કરે છે. મોહ-મમતાથી સંકલ્પ-વિકલ્પ કરે છે અને ફરી ફરીને બંધાયા કરે છે, તેનો છેડો આવતો નથી.

આ દ્વંદ્વમાંથી છૂટવા માટે જ્ઞાન-પ્રજ્ઞાની આવશ્યકતા ઊભી થાય છે. સદ્‌ગુરુઓ દ્વારા, સત્‌શાસ્ત્રો-દ્વારા, યા સ્વયંવિચારણાથી વિવેકજાગ્રતિ કદાચ થઇ જાય છે. પોતાને પોતાનું ભાન થાય છે. શુદ્ધિ આવે છે. પોતાની અજ્ઞાનદશા પલટાવી જ્ઞાનમય જ્યોતિ પ્રગટ કરવા તે ઉત્સુક બને છે.

પોતે અવળી સમજણથી સંસાર ભણી અત્યાર સુધી મોહદશાથી ગમન કરી રહ્યો હતો તે પલટાવી સવળી સમજણનો સત્‌ પુરુષાર્થ શરૂ કરે છે. અગાઉ અવળા પુરુષાર્થે ઉત્પન્ન કરેલાં શુભાશુભ કર્મ ભાવોને સમતા ભાવે માત્ર વેદે છે. નવાં કર્મો રાગ દ્વેષ રહિત-પણે ઉદય અનુસાર થાય તેનો માત્ર જ્ઞાતા-સાક્ષીરૂપે રહે છે. સુખમાં કે દુઃખમાં, સગવડમાં કે અગવડમાં, રાત્રિ કે દિવસ, ઘર કે વન દરેક સમયમાં, દરેક સ્થળમાં પોતાની આત્મદીપિકા પ્રકાશિત રાખે છે તે ક્યાંઇ લેપાતો નથી, તે કોઇની સ્પૃહા કરતો નથી, તે કોઇની પાસે દીનતા કરતો નથી, પૌદ્‌ગલિક માયિક જડ વસ્તુઓથી પોતે ન્યારો છે, શરીરાદીથી પણ પોતે ભિન્ન છે, કોઇ પણ પરવસ્તુ પરદ્રવ્ય પોતાના નથી, પોતાનું છે તે પોતાની પાસે જ છે.

જે કાયમ છે, ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, ભવિષ્યકાળમાં પણ પોતે સળંગ અખંડ જ્ઞાયક-રૂપે જ રહેવાનો છે એવું અખંડ આત્મસ્વરૂપ તેની રક્ષા માટે અહિંસાનું સાધન સ્વીકારે છે. સર્વ જડ-ચેતનના ભાવોને પૃથક્‌ પૃથક્‌ સમજી ચૈતન્યપ્રેમ પ્રગટાવે છે. સર્વ ચૈતન્ય આત્માઓને પોતાના સમાન લેખે છે. વૈભાવિક પૌદ્‌ગલિક મોહજન્ય ભાવો ક્રોધાદિ કષાયો રાગ દ્વેષ આદિ વિભાવિક વૃત્તિઓને અટકાવવા સંયમ ધારણ કરે છે અને પૂર્વસંચિત કર્મોનો નાશ કરવા માટે તપ કરે છે. આ રીતે ત્રણ સાધનો દ્વારા સાધક આત્મસાધ્યની સિદ્ધિ કરવા અને અખંડઆનંદ પ્રાપ્ત કરવાં સાધનાની ભવ્ય શરૂઆત કરે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિઃપરિગ્રહરૂપ પાંચ યમ તો શરૂઆતથી જ સ્વીકારી આગળ પ્રયાણ કરે છે.

હવે એને કોઇથી ભય રહ્યો નથી, હવે તેને કોઇ શંકા રહી નથી, તે ચિંતાથી મુક્ત થયો છે, પોતે શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ ચિદ્‌ઘન છે, એવું મહાન્‌ ઐશ્વર્ય તેનાં આત્મબળમાં ઓર વધારો કરી રહ્યું છે. તેનો આત્મવિશ્વાસ અવિચળ બન્યો છે. પોતાના પૂર્ણસ્વરૂપની પ્રતીતિ કરી હવે તે તેમાં મગ્ન થાય છે. સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિઓનાં પુરોને ઉપ-યોગની જાગ્રતિથી ખાળે છે અને પોતાના આત્માને સ્થિર કરે છે.

સ્થિરતા થતાં પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનું દર્શન થાય છે, આત્મસાક્ષાત્કાર થાય છે. આને આત્મદર્શન કહો કે ઇશ્વરદર્શન કહો પણ આ સુભાગી અવસરે સાધકના આત્મામાં આનંદની છોળો ઉછળે છે. આ અનુભવ પોતાને પોતાવડે જ થાય છે. આ અનુ-ભવનું વર્ણન-આનંદનું વર્ણન જીભ બોલી શકતી નથી, કલમ લખી શકતી નથી. ફક્ત સ્વાનુભવગમ્ય જ હોય છે. જેમ સાકર ખાય તે તેનો સ્વાદ જાણે તેવું છે.

તેનામાં મોહ-દંભ, આત્મપ્રશંસા વગેરે ઉપશમ થયેલાં હોય છે. તે સંસારમાં રહે છે છતાં, જળકમળ-વત્‌. તે હંસની જેમ દેહ-આત્માને જુદા જુદા માને છે, તે કયાંઇ ભળી જતો નથી. માત્ર જ્ઞાતા-દ્રષ્ટારૂપે સર્વ ભાવોને અવલોકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ક્યાંય રાગી દ્વેષી થતો નથી કારણ કે સર્વભાવ તે જાણે છે. તેને કાંઇ ગોપવવા છુપાવવા યોગ્ય નથી. તે પૂર્ણ જ્ઞાનની દૃષ્ટિવડે સર્વ આત્માઓને પૂર્ણ ભગવાન આત્માઓ નિશ્ચયથી માને છે. તેનાં શુભાશુભ કર્મ અનુસાર જે સુખ દુઃખો ભોગવે છે તે પ્રત્યે જ્ઞાનીને કરુણા આવે છે. તેની અજ્ઞાન દશાની દયા આવે છે. પરમ કારુણ્યભાવે તે તેને માર્ગદર્શન કરાવે છે. મોહભાવથી વિરમવા જણાવે છે. સંસારની અનિત્યતા અશરણતા સંભળાવે છે. સુખ દુઃખ એ તારા જ શુભાશુભ ભાવોનું પરિણામ માત્ર છે, માટે તું તારા ભાવોની શુદ્ધિ કર, તારે સુખી થવું હોય તો અશુભ ભાવોનો ત્યાગ કર. તારે શુદ્ધ નિરંજન થવું હોય તો શુભાશુભ બન્નેનો ત્યાગ કરી નિર્વિકલ્પ થઈ જા. અંતર્મુખ થઇ જા. તને તારા ભગવાનનાં દર્શન તારા પોતાના અંતરાત્મામાંથી જ થશે. તારે કૃતકૃત્ય થવું હોય, સંસારના દ્વંદ્વમાંથી બચવું હોય તો હવે સવળો પુરુષાર્થ કર. ખાવું-પીવું, એશઆરામ, ધન-દોલત એ જ આ માનવ જીવનની ઇતિકર્તવ્યતા નથી. પૈસા એ જ માનવ જીવનમાં પ્રાપ્તવ્ય વસ્તુ નથી, એ તો એક માત્ર જીવનનું સાધન છે તે, સાધ્ય નથી માટે તું સંતોષી થા, લોભનો ત્યાગ કરી એ માટે માયા-કપટ છોડી દે. માન-અપમાનનાં ખ્યાલ મૂકી દે. માથે મરણવાળાને વળી માન શા? કોઇને ક્રોધે ભરાવાની જરૂર નથી. ક્રોધ કરી તું તારો આત્મઘાત તારા હાથે જ અનંત કાળથી કરી રહ્યો છે અને ચાર ગતિમાં જન્મ-મરણરૂપ દુઃખ વેદી રહ્યો છે.

તારી સિવાય તારો ઉદ્ધાર કરવા કોઇ સમર્થ નથી. તું જ તારો ઉદ્ધારક છો. તું જ તારો ગુરુ છો. તું જ તારો મિત્ર છો, તું જ પોતે પરમાત્મસ્વરૂપ છો તે સ્વરૂપ તારે તારા હાથે જ તારા પુરુષાર્થે જ પ્રાપ્ત કરવાનું છે. બીજા કોઇ તને સ્વર્ગે-નરકે પહોંચાડવા શક્તિમાન નથી. સ્વર્ગ-નરકનો કર્તા અને ભોક્તા પણ તું જ છો. અને સર્વ દુઃખથી મુક્ત થઇ સત્ચિદાનંદ પ્રાપ્ત કરનાર પણ તું જ છો. તારે કોઇની આશા રાખવાની નથી-તારે કોઇની વાટ જોવાની નથી. તારે કોઇની ચિંતા કરવાની નથી. તું તારો સવળો પુરુષાર્થ શરૂ કર અને તને સર્વ નિમિત્તો અનુકૂળ થશે.

તું પ્રતિકૂળ સંજોગોમાં પણ તારું આત્મભાન ન ભૂલ. તું અછેદ્ય અભેદ્ય અલખ નિરંજન છો. તારું તેજ કોઇ હણી શકે તેમ નથી માટે નિર્ભય થા, શાંત થા, સમાધિસ્થ થા. તને તારા સ્વરૂપનાં ભવ્ય દર્શન થશે. તારો અખંડ આનંદ તને સહજ પ્રાપ્ત થશે.

તું જ તારા આત્મસરોવરનું સુંદર કમળ-પુષ્પ બની તું જ ભ્રમરરૂપે તેનો રસાસ્વાદ લે! તું મહાભાગ્યવંત છો, તારામાં અનંત શક્તિ છે, સમગ્ર લોકાલોકને જાણવાનું તારામાં નિર્મળ જ્ઞાન છે. તું શ્રદ્ધા કર અને આગળ વધ, નિરાશ ન થા, હતાશ ન થા, તારે આ માનવ જીવનમાં કરવા યોગ્ય કર્તવ્ય આ છે, તેનું પરિણામ તારો અખંડ આનંદ છે. એ પ્રાપ્ત થયા પછી તું કૃતકૃત્ય છે. તારે કાંઇ કરવાનું બાકી પછી રહેતું નથી. તારા અખંડ આનંદમાં તારા અભેદ્ય પ્રેમમાં તારી ચિરઃ શાંતિમાં અનેક આત્માઓને આશ્વાસન પ્રાપ્ત થશે. માર્ગદર્શન મેળવશે. તારા દર્શન કરી કૃતાર્થ થશે. તને તેની પરવા પણ નહિં હોય. તું તો તારા અખંડ આનંદમાં ઝુલતો હોઇશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ—કયે માર્ગે ?*

## પુનર્ઘટનાની આવશ્યકતા

નિર્વિવાદ રીતે જૈન ધર્મ એ હિન્દનો સૌથી પ્રાચીન ધર્મ છે અને એની પૂર્વ ભૂમિકા ઇતિહાસ લખાયો એ કાળ પહેલાં રચાયેલી છે, એ છતાં આધુનિક જગતના કોયડાઓની સામે ટકી રહેવા માટે એ સંપ્રદાયે એની પરંપરાથી ચાલી આવતી પ્રથાઓની પુનર્ઘટના કરવી એ બહુ જરૂરી છે. છેલ્લા એંશી વરસના ગાળામાં જર્મનીના હરમાન યાકોબી અને વોલ્ટર શુબ્રીંગ, ફ્રાન્સના ગેરીનો અને ઇંગ્લાંડના એફ. ડબલ્યુ. થોમસ જેવા પૌર્વાત્ય સંસ્કૃતિના પ્રખર અભ્યાસી વિદ્વાનોએ જૈન ધર્મનાં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો છે અને એ સૌએ એકી અવાજે જાહેર કર્યું છે કે હિન્દુસ્થાનની વિચારસરણીના મૂળ સ્પષ્ટ સમજવા માટે જૈન ધર્મના તત્ત્વોના અભ્યાસની વિપુલ પ્રમાણમાં જરૂર છે. લાખો અને કરોડો હિન્દુઓની વચ્ચે જૈન ધર્મના અનુયાયીઓ બહુ નાની લઘુમતિ ગણાય, છતાં હિન્દના સંસ્કાર–ઘડતરમાં એમનો ફાળો બહુ મહત્વનો છે. આજે એક વાત ચોક્કસ જણાય છે કે બુદ્ધ ભગવાને આત્મપ્રકાશ પ્રાપ્ત કર્યો અને પરિણામે એક બાજુએ ઉગ્ર દેહદમન અને બીજી બાજુએ ઉપભોગ એ બેની વચ્ચેના મધ્યમ માર્ગની ઉદ્‌ઘોષણા કરી તે પહેલાં જૈનોની કઠોર તપશ્ચર્યાનો પ્રયોગ તેમણે કર્યો હોવો જોઇએ.

### ઐતિહાસિક હકીકતો

મહાવીરસ્વામી પોતે એક ઐતિહાસિક વ્યક્તિ હતા, અને ભગવાન બુદ્ધના સમકાલીન હતા એ હવે એક સ્થાપિત હકીકત છે. એ બન્ને મહાપુરુષો મગધદેશના વાસીઓ હતા અને રાજગૃહ અથવા વૈશાલીમાં એમનું મિલન થયું હોય એવી શકયતા છે. જો કે એ બન્નેનાં ધર્મોના પવિત્ર પુસ્તકોમાં આને માટે કશો પુરાવો મળતો નથી. પ્રાચીન ભારતના આ બન્ને મહાન પુરુષોના ઉપદેશમાં અહિંસા અને નિર્વાણનો ઉલ્લેખ સામાન્ય છે. કોણે, કોનામાંથી એ ગ્રહણ કર્યું એ બીના મહત્વની નથી, કારણ કે અહિંસાનો સિદ્ધાંત સમગ્ર હિન્દનો મૂળભૂત અને સર્વસામાન્ય વારસો બની ગયો છે. મહાત્મા ગાંધી પોતાની યુવાનીમાં પોરબંદરમાં એમના જૈન ગુરુની પ્રબળ અસર નીચે આવેલા હતા. અને અહિંસાના સિદ્ધાંતને રાજકીય અને સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે લાગુ કરવાની એમની પ્રવૃત્તિને કારણે તેઓ આલમ–મશહૂર થયા છે એ ઇનકાર થઇ ન શકે એવી હકીકત છે.

આ કાળમાં, જ્યારે ગાંધીજીની વિચારસરણી જગતભરના વિચારશીલ માનવીઓને આકર્ષી રહી છે ત્યારે હિન્દના સંસ્કાર ઘડતરમાં પોતાનો ફાળો આપવા માટે જૈન ધર્મના અનુયાયીઓ શું કરી રહેલા છે ? લગભગ કશું જ નહિં. છેલ્લા થોડા વરસો દરમ્યાન જૈન ધર્મની વિચારસરણીને વેગીલી કરવાના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા છે, અને હિન્દભરમાં જૈનકોમ સમૃદ્ધ હોવા છતાં પણ ઉચ્ચ કક્ષાની અંગ્રેજી ભાષા પર પ્રભુત્વવાળા વિદ્વાનો એમણે ઘણા પેદા કર્યા નથી, જૈન સાધુઓની સઘળી જ્ઞાનસમૃદ્ધિ છતાં તેઓ પોતાના અનુયાયીઓના હિતની ખાતર ધર્મ–સુધારો કરવામાં સફળ થયા નથી. જૈન ધર્મના ચાર મુખ્ય વિભાગોના અનુસરનારાઓ પોતપોતાની સાંપ્રદાયિક, રૂઢીચુસ્ત પ્રથાને વળગી રહે છે અને બહુ સંકુચિત કહી શકાય એવા માનસથી પરસ્પર ઝગડ્યા કરે છે.

ઇ. સ. ૧૪૫૩ ના વરસમાં અમદાવાદના એક જૈન વેપારી મહાવીરસ્વામીની ફિલસુફીના મૂળમાં રહેલા તત્ત્વોનો અભ્યાસ કરતા હતા અને એને લગતાં

* તા. ૨૨–૬–૫૫ ના Times of Indiaમાં આવેલા Dr. Felise Valyiના અંગ્રેજી લેખ Jainism at the Cross–Roadsનો ગુજરાતી અનુવાદ. અનુવાદક અધ્યા. કપિલ પ. ઠક્કર એમ. એ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તલિખિત સાહિત્યની નકલ કરતા હતા. એણે એવી શોધ કરી કે ઇ. પૂ. ૬ ઠ્ઠી સદીના જૈનોમાં મૂર્ત્તિ-પૂજાની પ્રથા હસ્તીમાં નહોતી. એને પરિણામે એ વેપારીએ પોતાના નામ પરથી લોંકાશાહી સંપ્રદાયની સ્થાપના કરી. ત્યાર પછી લોંકા સંપ્રદાયના અનુગામી સ્થાનકવાસીઓએ કે જેમણે અનેકવિધ મૂર્ત્તિપૂજાની પ્રથા રદ કરી, અને તેરાપંથીઓ કે જેઓ મહાવીર-સ્વામીના મૂળ સંપ્રદાયને અનુસરવા લાગ્યા, તે બંનેનો અને સાંપ્રદાયિકો વચ્ચેનો કલહ વધારે ઉગ્ર બન્યો. એ વાત સાચી છે કે કોઇ પણ અપવાદ સિવાય સમગ્ર જૈન સમાજ મહાવીરસ્વામીને છેલ્લા તીર્થંકર તરીકે પૂજે છે અને અહિંસાના સિદ્ધાંતને અનુસરે છે. નિરામિષ આહાર કરે છે, અને નીતિવિહોણા કહેવાતા આ જમાનામાં ઉત્તમ નીતિમય કહી શકાય એવું અનુકરણીય કુટુંબજીવન ગુજારે છે, પણ જિન-વાદને છાજે એવા બૌદ્ધિક જીવનના જોમની એમનામાં ખામી છે, અને એ જોમ વિના જૈન દર્શન કે જે એક આદર્શ જીવન–દર્શન છે તેનો પુનરુદ્ધાર કરી શકાય નહીં.

**ઇચ્છાશક્તિ**

આજથી અર્ધી સદી અગાઉ શ્રી હરમાન યાકોબી અને ફ્રાંસના વતની મોં. ગેરીનોએ જૈન સંઘની મુલાકાત લીધી હતી તે વખતે જૈન સાધુઓએ, ઉત્તમ ચારિત્ર અને પ્રબળ ઇચ્છાશક્તિવાળા માનવીઓ તરીકે તથા હિંદનું માનસ માનવ સ્વભાવને ઉચ્ચતમ આધ્યાત્મિક ભૂમિકા પર લઈ જવાની કેટલી તાકાત ધરાવે છે એના સબળ દૃષ્ટાંત તરીકે એમના પર ઊંડી અસર પાડી હતી. છતાં આજે કોઈ પણ જૈન આ વાતનો ઇનકાર નહિં કરી શકે કે આધુનિક સંયોગોના બળ પાસે એ પરંપરા વેરવિખેર થઇ જવાના માર્ગ પર છે અને જૈન ધર્મનો સામાન્ય અનુયાયી ભૂતકાળના એ મહાપુરુષોને જે પૂજા અર્પણ કરે છે એની પાછળની ભાવનાના ઊંડાણ બહુ છીછરા છે.

જૈન સમાજ એના નાના નાના ઘોળ અને વાડાઓના મતભેદો ભૂલી જઇને એકત્ર નહિ થાય તો ભાવી હિન્દ પર એમની અસર નહિવત્ થઇ જશે. રાજા રામમોહન રોય અને સ્વામી વિવેકાનન્દના સમયથી હિન્દના શક્તિશાળી નેતાઓએ મૂળભૂત સમાજસુધારાઓનો અમલ કરવાની પ્રથા શરૂ કરી છે, અને ગાંધીજીએ દર્શાવેલો માર્ગ જેનો પરિપાક છે, એવું અનુકરણ કરવાને બદલે જૈનો ક્ષુલ્લક વાદ-વિવાદમાં રાચે છે, અને પોતાના નાણાંની થેલીઓ સાચવવામાં જ એમનો ધર્મ સમાયેલો માને છે. પોતાના સમાજની બુદ્ધિશક્તિ વિકાસ પામે અને એનું જીવન સંસ્કારી બને એ વાતની એને કશી પરવા નથી.

આપણા સમયના સૌથી મહાન જૈન ગુરૂ, મહા-રાજ વિજયવલ્લભસૂરિજી, જેઓ થોડા માસ પહેલાં ૮૪ વરસની ઉમ્મરે મુંબઇમાં કાળધર્મ પામ્યા, તેઓ મારી સમજ મુજબ ફકત એક જ જૈન સાધુ હતા કે જેમણે આ વાડાઓ વીંખી નાંખવાની હિમાયત કરી હતી. એમણે સમગ્ર જૈન સમાજને 'દિગંબર' 'શ્વેતાંબર' વગેરે સાંપ્રદાયિક નામાભિધાનોને ફેંકી દઇ ફક્ત 'જૈન' તરીકે એક થવાનો અનુરોધ કર્યો હતો, એ રીતે સંઘમાં નવી ભાવના જગાડવાની શરૂઆત કરી હતી. મહારાજ વિજયવલ્લભસૂરિજીએ શાળાઓ સ્થાપી, દવાખાનાંઓ ઉઘાડ્યાં અને આમ જનતામાં કેળવણીનો પ્રચાર કર્યો, અને ભૂતકાળના, અત્યારે અર્થહીન બની ગયેલા ક્રિયાકાંડોનો ત્યાગ કરવાનો એમના સેવકોને બોધ કર્યો. જો ગુરુપૂજાને નામે સાધુઓમાં સ્વાર્થવૃત્તિ ન પ્રવેશી જાય, તો વિજયવલ્લભસૂરિજીએ બતાવેલો માર્ગ જૈન સાધુઓને નિઃસ્વાર્થ સમાજસેવા માટે પ્રેરણાદાયી છે.

પણ જૈન સાધુસંઘમાં, બીજા સંપ્રદાયોની માફક ઇર્ષા એટલી પ્રબળ રીતે પ્રવર્તી રહી છે કે, મહાન સુધારકોએ જન સમૂહના જીવન ઉચ્ચતર બનાવવા માટે બતાવેલા માર્ગોની કદર કરવાની વૃત્તિ થતી નથી. હવે આ નવા માર્ગ પર ચાલવું જોઇએ. એ વાત સૌ કોઇ સ્વીકારે છે. હિન્દના જૈન અગ્રણીઓ અને વિદ્વાનો પણ એ કબૂલ કરી હવે છે, પણ જૈન સાધુસંઘની ઘડાઇ ગયેલી જીવનપ્રણાલિકા આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધારામાં મોટો અંતરાય બની રહે છે, એ સાધુઓ પોતાના ગુરુને વીંટળાઈને બેસે છે. હિન્દમાં અથવા જગતમાં પ્રવર્તતી જીવનપ્રણાલિકાની વાસ્તવિકતાનું એમને ભાન નથી. પોતાના પ્રાન્તની ભાષા સિવાય અન્ય કોઈ ભાષાનો એક શબ્દ પણ તેઓ સમજી શકતા નથી. એમાંથી જેઓ સંસ્કૃત કે પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરે છે તેઓ પણ ફક્ત એમના સંપ્રદાયના પુસ્તકો સિવાય અન્ય કોઈ અભ્યાસ કરતા નથી અને હિન્દની વિચારસરણી અને વિચારપરિવર્તનનો તુલનાત્મક અભ્યાસ કરવાની એમણે લેશમાત્ર પણ લાયકાત કેળવી નથી.

'જૈન ધર્મ' આજે ત્રિભેટા પર આવી ઊભો છે. એક સમય 'હિન્દુ ધર્મ' પણ આ જ રીતે ત્રિભેટા પર ઊભો હતો, પણ આપણા સમયની એક મહાન વિભૂતિ સ્વામી વિવેકાનન્દ પેદા થયા અને હિન્દુ ધર્મની વિચારસરણીમાં એમણે નવું જીવન રેડ્યું. આપણા યુગમાં જૈન સમાજે સ્વામી વિવેકાનન્દની હરોળમાં મૂકી શકાય એવો એક પણ આચાર્ય નીપજાવ્યો નથી. વેપાર વાણિજ્યના વિવિધ ક્ષેત્રોમાં જૈન સમાજની સદ્ધરતા અને ફત્તેહ એમને સંતુષ્ટ રાખે છે અને રૂઢ થઈ ગયેલી જીવનપ્રથા બદલવાની એમનામાં કશી વૃત્તિ જાગતી નથી.

બુદ્ધ ભગવાનની ૨૫૦૦ મી પુણ્યતિથિ ઉજવવાનો સમય હવે નજીક આવે છે. એ સમયે સમગ્ર માનવજાતિ પ્રાચીન હિન્દની એ સૌથી ઉન્નત અને મહાન વિભૂતિને અંજલિ આપશે. એ સમયે જૈન સમાજ સમક્ષ એક સુંદર તક પ્રાપ્ત થશે. જૈન સમાજ એ ટાણે જગત સમક્ષ જાહેર કરી શકે કે બુદ્ધે પોતાનો અહિંસાનો સિદ્ધાંત જૈન ધર્મ પાસે ગ્રહણ કર્યો હતો; મહાવીર અને બુદ્ધ સમાન કોટિના મહાપુરુષો હતા, અને જ્યારે ૨૫૦૦ વરસ અગાઉ હિન્દભરના લોકોને બુદ્ધ ધર્મ આકર્ષી શકયો હતો ત્યારે જૈન ધર્મ, એના મનના સંયમ અને શરીરની કઠોર તપશ્ચર્યાના કારણે, બહુ નાના સમૂહને પોતાની તરફ ખેંચી શકયો હતો. માનવ પ્રકૃતિની નબળાઈને કારણે, મહાવીરસ્વામીના કઠોર તપશ્ચર્યાવાળા જીવન સ્વીકારવાને અશક્ત માનવીઓ માટે બુદ્ધ ધર્મ છૂટછાટ મૂકતો હતો, આથી મહાવીરસ્વામીના વ્યક્તિત્વની મહત્તાને જરા પણ હિણપ લાગતી નથી. પોતે જ ખુલ્લી રીતે એકરાર કરે છે કે એમના છેલ્લા તીર્થંકરની જીવનચર્યાને અનુસરવાનું કોઈ માનવી માટે શકય નથી. વ્યવહારૂ રીતે જૈન મતને અનુસરનારાઓ અન્ય છે કે જે માનવોના જેવું જ એકધારું જીવન વીતાવે છે. ફેર એટલો જ કે બીજાઓ કરતાં 'અહિંસા'ના સિદ્ધાંતને તેઓ ચુસ્તપણે વળગી રહે છે. અહિંસાની આ અનન્ય નિષ્ઠાને કારણે જગતના આદરને પાત્ર તેઓ બને છે.

# સ્વીકાર–સમાલોચના

**સ્તુતિતરંગિણી**—સંપાદકઃ મુનિ મહારાજ શ્રી નેમવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા–છાણી (વડોદરા) પૃષ્ઠસંખ્યા ૫૬૦ ક્રા. ૧૬ પેજી મૂલ્ય રૂા. ૪)

પૂર્વાચાર્યોએ આપણને જૈન સાહિત્યનો જે અમૂલ્ય વારસો આપ્યો છે, તેને સુવ્યવસ્થિત રીતે જાળવવાનું અને યોગ્ય રીતે પ્રગટ કરવાનું કાર્ય હમણાં હમણાં જુદા જુદા સાહિત્યસેવીઓ દ્વારા થઈ રહ્યું છે. આ ગ્રંથ પ્રકાશનમાં એવો જ સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે.

પૂર્વાચાર્યોએ રચેલ ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને પિશાચી ભાષામાં રચેલ અપ્રગટ લગભગ પાંચસો સ્તુતિઓનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. સંપાદકનો પ્રયાસ ઘણો સ્તુત્ય છે.

સંપાદકના શબ્દોમાં કહીએ તો ગ્રંથ સંપાદનનું કાર્ય શરૂ કરવામાં આવ્યા બાદ જુદા જુદા સ્થળોના ગ્રંથભંડારો અને તાડપત્રોમાંથી જે જે સ્તુતિઓ મળી આવી છે તેમાંની ઘણી સ્તુતિઓ ગ્રંથનું દળ વધી જવાથી આ સંગ્રહમાં લઈ શકાણી નથી. એટલે બાકીની સ્તુતિઓ હવે આ ગ્રંથના બીજા ભાગમાં પ્રગટ કરવામાં આવશે. સંપાદકના આ પ્રયાસને આવકારતા અમો ઇચ્છીએ છીએ કે આ ઉપયોગી સાહિત્યનો બીજો ભાગ સત્વર પ્રગટ કરવામાં આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

### સ્વ. શેઠશ્રી મોહનલાલભાઇ

સહૃદયતા, સૌજન્યતા અને ઉદારદિલથી પોતાના જીવનને ધન્ય બનાવનાર દાનવીર શેઠ મોહનલાલ મગનલાલના અવસાનની નોંધ લેતાં અમો દિલગીરી વ્યકત કરીએ છીએ.

શેઠ મોહોલાલભાઇએ આપબળે જ પોતાનું જીવન ઘડયું હતું. અને નવસારી, બીલીમોરા વગેરે ચાર મીલોના લાંબા સમયના સેલીંગ એજન્ટ તરીકે કાપડ બજારમાં સારી ખ્યાતિ મેળવી હતી. ધંધાની કાર્યકુશળતાથી તેઓ સારી લક્ષ્મી પ્રાપ્ત કરી શકયા હતા તેમ "ધનના ધણી તરીકેનો ધર્મ" પણ તેઓ સરસ રીતે જાણતા હતા. કહે છે કે તેઓશ્રીના આંગણેથી કોઇ પણ યાચક ભાગ્યે જ પાછો વળ્યો હશે.

શિક્ષણપ્રચારનો તેઓશ્રીને ખૂબ પ્રેમ હતો. કેસરીયાજી જૈન ગુરુકુળની સ્થાપના તેઓશ્રીએ જ કરી હતી, તેમજ મહાવીર જૈન વિદ્યાલય, વડોદરા અને ચીતોડની બોર્ડીંગ, મુંબઇ માંગરોળ જૈન સભા તેમજ પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળ માટે તેઓશ્રીએ ઉદાર્દિલથી સખાવત કરી હતી. યશોવિજયજી ગુરૂકુળના તેઓશ્રી પ્રમુખ હતા, એટલું જ નહિ પરંતુ ગુરૂકુળને માટે તેઓશ્રીએ ઉદાર્દિલથી ઉમદા સખાવતો કરી હતી અને સંસ્થાની આર્થિક સંકડામણ સમયે તેઓ સંસ્થાની જીવતી તીજોરી સમાન હતા.

તેઓશ્રીનો ધાર્મિક પ્રેમ પણ એટલો જ નોંધપાત્ર હતો. પોતાના હાથે કરાવેલ ઉજમણા, અને જ્ઞાનોત્સવમાં આ પ્રેમ તરી આવતો હતો. એવી જ રીતે કોંગ્રેસના રચનાત્મક કાર્યોમાં પણ તેઓ હંમેશા ઉદારદિલથી દાન આપતા આવ્યા હતા. આમ તેઓશ્રીની સખાવતનો પ્રવાહ વિશાળ અને સર્વદેશીય હતો.

જિનાગમપ્રચાર માટે પણ તેઓશ્રી સારો રસ ધરાવતા હતા. આ સભાની સાહિત્ય વિષયક પ્રવૃતિથી આકર્ષાઇને તેઓશ્રી સભાના પેટ્રન થયા હતા અને સભા માટે હંમેશા સારો પ્રેમ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી સમાજને એક ઉદારદિલ સજ્જનની ખોટ પડી છે. અમો સદ્દગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ અને તેઓશ્રીના ધર્મપત્ની શ્રી રસીલાબેન, ચાર પુત્રો, બે પુત્રીઓ અને કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખ પરત્વે અમારી સમવેદના વ્યકત કરીએ છીએ.

### ભાવનગર સંઘનું બંધારણ—

ભાવનગર સંઘનું વ્યવસ્થિત બંધારણ રચવા માટે એક બંધારણ કમિટિ નિયુકત કરવામાં આવી હતી. બંધારણ તૈયાર થતા ગત રવિવાર તા. ૧૦-૭-૫૫ ના રોજ બપોરના સાડાત્રણ વાગે શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે શ્રી સંઘની મીટીંગ મળતા રચવામાં આવેલ બંધારણ સંઘ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને તેના ઉપર વિચાર-વિનિમય કરી યોગ્ય સુધારાવધારા સાથે તે મંજૂર કરવામાં આવ્યું હતું.

સંઘની મીટીંગનું કાર્ય સાંજના સાડાછ વાગે પૂરું ન થતા, બાકીનું કાર્ય રાત્રે સાડાઆઠ વાગે સંઘની મીટીંગ ચાલુ કરીને રાત્રે દસ વાગે તે પૂરું કરવામાં આવેલ. બંધારણ મંજૂર થતાં છેવટે તેને તરત અમલમાં મૂકવાનો તથા વોરા જુઠાભાઈ સાકરચંદની લાંબા સમયની સેક્રેટરી તરીકેની સેવાની નોંધ લઇ તેઓશ્રાની સેવાનું યોગ્ય સન્માન કરવાનો ઠરાવ કરી સર્વ વિખરાયા હતા.

### શ્રી પ્યારેલાલ જૈનીનું સન્માન

હોશીયારપુર( પંજાબ )નિવાસી બાબુ પ્યારેલાલજી જૈન સં. ૨૦૦૫ માં આચાર્યદેવ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો આશીર્વાદ લઈ પીએચ. ડી. ના અભ્યાસ માટે અમેરીકા ગયા હતા ગુરુકૃપાથી તેઓ અભ્યાસમાં સફળતા મેળવી મુંબઇ થઇ પાટણખાતે આ. વિજયસમુદ્રસૂરિજીને વાંદવા માટે તા. ૧૯-૭-૫૫ ના પધારતા તેઓશ્રીનું યોગ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

( પુસ્તક બાવનમું )

( સં. ૨૦૧૦ ના શ્રાવણ માસથી સં. ૨૦૧૧ ના અશાડ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા

卐

### ૧. પદ્ય વિભાગ



| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | અખંડ રહો ( શુભાશીષ ) | ( શ્રી અમરચંદ માવજી શાહ ) | ૧૬ |
| ૨ | આચાર્યશ્રીના અમર આત્માને ભક્તિ અંજલિ | ( પાદરાકર ) | ૨૭ |
| ૩ | ગુરુગર્ભિત સ્તુતિ | ( મુનિરાજશ્રી રાજહંસવિજયજી ) | ૨૭ |
| ૪ | વલ્લભ સુમનાંજલિ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૨૮ |
| ૫ | શ્રદ્ધાંજલિ | ( દિનેશ મિશ્ર પંડિત ) | ૫૧ |
| ૬ | અમર અંજલિ | ( શ્રી અમરચંદ માવજી શાહ ) | ભાદ્રપદ ટા. પે. ૩ |
| ૭ | વિરહ કાવ્ય | ( મુનિરાજશ્રી વિનયવિજયજી ) | ,, ,, |
| ૮ | કો' ના પામ્યું મર્મ | ( શ્રી જમનાદાસ છોટાલાલ ) | ૬૯ |
| ૯ | વલ્લભ નિર્વાણ કુંડલી ગાયન | ( હસ્તિમલ કોઠારી ) | ૭૭ |
| ૧૦ | મહાભિનિષ્ક્રમણ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૮૫ |
| ૧૧ | મહાવીરને પણ મળ્યો ગોશાળો | ( શાંતિલાલ શાહ ) | ૯૫ |
| ૧૨ | સમર | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૯૬ |
| ૧૩ | સિદ્ધાર્થનંદ કહોને ! | ( મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૨૭ |
| ૧૪ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મહિમા છંદ | ( મુનિશ્રી કંચનવિજયજી ) | ૧૫૬ |
| ૧૫ | શ્રી પાર્શ્વજિન સ્તવન | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૧૮૧ |



### ૨. ગદ્ય વિભાગ



| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | હું | ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય ) | ૧ |
| ૨ | જરા થોભો | ( ,, ,, ) | ૧ |



For Private And Personal Use Only

૩ નૂતન વર્ષનું મંગળમય વિધાન (શ્રી હરિલાલ દેવચંદ શેઠ) ૨

૪ નમિસાધુનો કોયડો (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૨

૫ નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો (પં. શ્રી રામવિજયજી ગણિવર્ય) ૧૫, ૭૧, ૮૦, ૯૭, ૧૧૬, ૧૪૬, ૧૫૦, ૧૬૯, ૧૮૪

૬ જૈન યોગવિદ્યા : : આછી રૂપરેખા (શ્રી જયંતીલાલ ભાઇશંકર દવે) ૧૭

૭ નિઃસ્વાર્થ સેવા એ જ પરમ સ્વાર્થ (ख) ૨૦

૮ નિષ્પ્રકમ્પતા (શ્રી વસંતલાલ કાન્તિલાલ) ૨૨

૯ યુગવીર આચાર્યનો જીવનસંદેશ (શિક્ષણ અને સંગઠન) ૨૫

૧૦ પૂ. આ. શ્રી વિજયોદયસૂરિ તેમજ પુણ્યવિજયજી મહારાજશ્રીના પત્રો ૨૬

૧૧ તુમ હસત જગત રોય (નાગકુમાર મકાતી) ૨૯

૧૨ યુગવીર વલ્લભને ખોતાં શું ખોયું ? (પાદરાકર) ૩૧

૧૩ આચાર્યદેવની જીવનપ્રભા (શ્રી ફૂલચંદ હરિચંદ) ૩૩

૧૪ યુગવીર આચાર્ય (વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી) ૩૬

૧૫ સમયજ્ઞ આ. વલ્લભસૂરિ : : છેલ્લાં સંસ્મરણો (મોહનલાલ દીપચંદ ચોકસી) ૪૦

૧૬ એક અવધૂત ચાલ્યો જાય (શ્રી હરિલાલ દેવચંદ શેઠ) ૪૨

૧૭ એવા ધર્મગુરુ આપણને ક્યારે મળે? (એચ. એ. કરકરીયા) ૫૨

૧૮ પંજાબકેસરી યુગવીર આચાર્યની અંતિમયાત્રા ... ... ૫૪

૧૯ ભાવનગરની અંજલિ ... ... ૫૬

૨૦ જીવનશિક્ષણ (મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ) ૫૯

૨૧ દેવીશતક અને શ્રી હેમચંદ્રસૂરિ (હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૬૦

૨૨ ભગવાન મહાવીર અને જમાલી (શ્રી રતિલાલ મફાભાઈ) ૬૪

૨૩ બ્રહ્મવિહાર-બોધ ધ્યાનયોગનો એક પ્રકાર (શ્રી જયંતિલાલ ભાઇશંકર દવે) ૭૨

૨૪ લોકપ્રિય થવાની કળા (શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ) ૭૪, ૧૦૨, ૧૨૫, ૧૭૪, ૧૮૫

૨૫ એકવીસમા શ્રી શુદ્ધમતિ જિન સ્તવન-સાર્થ (શ્રી વલ્લભદાસ નેણશીભાઈ) ૭૫

૨૬ કહેવા કરતાં કરવું સારું ... ... ૭૯

૨૭ આત્મ આદર્શ છત્રીશી (મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી) ૮૧

૨૮ પરમપદસોપાન (સિદ્ધિસોપાન) (મુનિશ્રી મહાપ્રભવિજયજી) ૮૨

૨૯ બાવીશમા શ્રી શિવકર જિન સ્તવન-સાર્થ (શ્રી વલ્લભદાસ નેણશીભાઇ) ૮૬

૩૦ પશ્ચિમના દેશોમાં જૈન ધાર્મિક અને દાર્શનિક સાહિત્યનો અભ્યાસ (પ્રો. જયન્તીલાલ ભાઇશંકર દવે) ૯૨

૩૧ ઉદયન અને વાસવદત્તા (મુનિશ્રી મહાપ્રભવિજયજી) ૯૮

૩૨ ત્રેવીશમા શ્રી સ્યંદન જિન સ્તવન-સાર્થ (શ્રી વલ્લભદાસ નેણશીભાઇ) ૧૦૫

૩૩ જૈનધર્મ : જગન્માન્ય વિશ્વધર્મ (શ્રી જયંતિલાલ ભાઇશંકર દવે) ૧૦૮

૩૪ નિરપેક્ષ બનો (શ્રી ન. અ. કપાસી) ૧૧૧

૩૫ પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો (હીરાલાલ રસિકલાલ કાપડિયા) ૧૧૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૬ ધનના લોભનો કરુણ અંજામ (મુનિશ્રી મહાપ્રભવિજયજી) ૧૧૭
૩૭ રુચિકર અને હિતકર (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૨૦
૩૮ શ્રી સંપ્રતિ જિન સ્તવન–સાર્થ (શ્રી વલ્લભદાસ નેણશીભાઇ) ૧૨૨
૩૯ શ્રી મહાવીર જન્મ કલ્યાણકદિન (શ્રી ન. અ. કપાસી) ૧૨૮
૪૦ તીર્થંકર મહાવીર : એક અંજલિ (શ્રી જયંતીલાલ ભાઇશંકર દવે) ૧૩૨
૪૧ ભગવાન મહાવીરના સમકાલીન કેટલાક રાજાઓ (શ્રી ખીમચંદભાઇ ચાંપશી શાહ) ૧૩૪
૪૨ ભગવાન મહાવીરનો જીવનસંદેશ (રવિશંકર મ. જોશી) ૧૩૬
૪૩ ભગવાન મહાવીર અને તેમનો સંદેશ (શ્રી મહાવીરપ્રસાદ પ્રેમી) ૧૪૨
૪૪ પંચનમસ્કાર ... ... ૧૪૯
૪૫ આગમપુરુષ : સમય, અવયવો અને પ્રતિકૃતિ (હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૫૧
૪૬ શ્રી હેમચંદ્રનું વિદ્વાન્ શિષ્યવૃન્દ (સંપા. મુનિ શ્રી દર્શનવિજયજી) ૧૬૬
૪૭ સતત કલહ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૭૦
૪૮ સીડી વગરનો મહેલ (શ્રી અમરચંદ માવજી શાહ) ૧૭૩
૪૯ કૌશામ્બીની રાણી મૃગાવતી (શ્રી મોહનલાલ દી. ચોકસી) ૧૭૫
૫૦ મહાવીરસ્વામીના પૂર્વભવનો વેરીઓ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૮૨
૫૧ આત્મપ્રકાશ :: પ્રજ્ઞાપ્રસાદી (પ્રો. જયંતીલાલ ભાઈશંકર દવે) ૧૮૮
૫૨ માયાજાળ (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) ૧૯૦
૫૩ અખંડ આનંદ (અમરચંદ માવજી શાહ) ૧૯૧
૫૪ જૈન ધર્મ–કયે માર્ગે ? (અનુ. કપિલ પ. ઠક્કર) ૧૯૪


### ૩ પ્રકીર્ણ


૧ ચાતુર્માસ યાદી ૨૧
૨ વર્તમાન સમાચાર ૨૩, ૯૪, ૧૪૭, ૧૭૮, ૧૯૭
૩ સ્વીકાર ૨૪, ૭૮, ૧૧૦, ફા. ટા. પે. ૩, ૧૭૯, ૧૯૬


卐

# ચાતુર્માસનું સાહિત્ય

## શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)

આબાલવૃદ્ધ સૌ કોઇને વાંચવામાં રસ પડે તેવી સરળ શૈલીથી આ મનોહર ગ્રંથમાં ચોવીશ તીર્થંકરોના ચરિત્રો આપવામાં આવ્યા છે તેમજ ચોવીશ તીર્થંકર ભગવાનના પાંચ રંગમાં છાપવામાં આવેલ ચોવીશ મનોહર ચિત્રો ઉપરાંત ભગવાન ગૌતમસ્વામી આદિના ચિત્રો અને પ્રભાતમાં સ્મરણ માટેના છંદોનો સમાસ પણ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂા. ૬–૦–૦

**કલિંગનું યુદ્ધ**—મહારાજા ખારવેલના સમયની જૈન જાહોજલાલીનો ખ્યાલ આ ગ્રંથમાંથી આવે છે. સિદ્ધહસ્ત લેખક રા. સુશીલના હસ્તે આ ગ્રંથ લખાએલ હોવાથી તમને હોંશે હોંશે તે વાંચવો ગમશે. કીમત રૂા. ૧–૦–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાય છે **જ્ઞાનપ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** છપાય છે

**લેખક—સદ્ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન-પાઠન માટે અતિ ઉપયોગી, શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્ત અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઈંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

---

**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

**૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.**

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્જાયમાળા—**શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઈંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

**" શ્રી આત્માનંદ પ્રકાશ " ના ગ્રાહકોને ૫૩ મા વર્ષની**

## અમૂલ્ય ભેટ

**" શ્રી અનેકાન્તવાદ ગુજરાતી "** બુક. આ બુક આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની છે. શ્રાવણ માસથી ગ્રાહકોને માસિકનું લવાજમ રૂા. ૩-૦-૦ અને બુક ગેરવલ્લે ન જાય તે માટે રૂા. ૦-૧૨-૦ પોસ્ટેજ વી. પી. ખર્ચ મળી રૂા. ૩-૧૨-૦ નું વી. પી. કરી મોકલવામાં આવશે જેથી ગ્રાહક મહાશયોને સ્વીકારી લેવા નમ્ર સૂચના છે. વી. પી. પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહીં કરવા ખાસ ભલામણ છે.

**તંત્રી મંડળ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઇ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only